**સુવિચાર**

''ખોટું લાગે એવું સત્ય બોલાય, પણ સત્ય લાગે એવું ખોટું ન બોલાય.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૧૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૩૦૮

## મહાભારત ટીવી સીરિયલમાં ભીષ્મ પિતામહનું પાત્ર નિભાવીને લોકપ્રિય બનનારનું અદ્દકેરૂ સ્વાગત

# સાવરકુંડલા ખાતે ફિલ્મ કલાકાર મુકેશ ખન્નાનું આગમન

**તારક મહેતા સીરિયલનાં ડો. હંસરાજ હાથી અને બાઘાનું પાત્ર નિભાવનાર પણ સાથે જોડાયા**

**મેલડી મા નાં મંદિરે નામી કલાકારોએ ઉપસ્થિત રહીને મા નાં કર્યા દર્શન**

**મુકેશ ખન્નાએ ભીષ્મનાં પાત્ર વખતનાં ડાયલોગ રજૂ કરીને શ્રોતાઓને ખૂશ કર્યા**

**જગવિખ્યાત બનેલ કલાકારોએ સંતવાણીની મજા માણી**



અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા ખાતે આજે મહાભારત ટીવી સીરિયલમાં ભીષ્મ પિતામહનું અદભૂત પાત્ર નિભાવનાર ફિલ્મ કલાકાર મુકેશ ખન્નાનું આગમન થતાં શહેરીજનોમાં ખૂશીનો માહોલ છવાયો હતો. મુકેશ ખન્નાએ મહાભારત સીરિયલનાં ભીષ્મ પિતામહનાં ડાયલોગ બોલીને ઉપસ્થિત જનમેદનીને મંત્ર મુગ્ધ કરી હતી.

સાવરકુંડલાનાં મેલડી મા નાં મંદિરે પધારીને મા નાં દર્શન કરી મુકેશ ખન્નાએ ધન્યતા અનુભવી હતી. તો સાથે તારક મહેતા ટીવી સીરિયલનાં ડો. હાથી અને બાઘાનું પાત્ર નિભાવનાર બંને કલાકારો પણ જોડાયા હતા અને તમામ કલાકારોએ સંતવાણીની પણ મજા માણી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફિલ્મી કલાકાર મુકેશ ખન્ના મહાભારત સીરિયલ પહેલા હિન્દી ફિલ્મોમાં પણ અભિનય કરી ચુકયા છે. પરંતુ, તેઓ લોકપ્રિયતાનાં શિખરો મહાભારત સીરિયલ બાદ સર કર્યા હતા. જો કે ટીવી સીરિયલ ''શકિતમાન'' પણ બાળકોમાં ખાસ્સી લોકપ્રિય બની હતી.

મુકેશ ખન્નાની જીંદગીમાં મહાભારત ટીવી સીરિયલ ઐતિહાસિક બની ચુકી છે અને આ સીરિયલથી તેઓ દેશનાં આબાલ–વૃધ્ધ સહિત સૌ કોઈમાં લોકપ્રિય બની ગયા છે.


















### ૨૪ કલાકમાં આત્મહત્યાનાં ૨ બનાવો નોંધાયા

# બાબરાનાં જામબરવાળાનાં યુવકે પત્ની સાથે ઘરકંકાસથી કંટાળી ગળાફાંસો ખાધો

### બગસરાની તરૂણીએ પણ અન્ય કારણોસર ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં ગઈકાલે બે અલગ અલગ બનાવમાં એક યુવક તથા એક તરૂણીએ અલગ અલગ કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પંચમહાલ જિલ્લાનાં વતની અને હાલ બાબરા તાલુકાના જામબર વાળા ગામે રહેતાં ગોરધનભાઈ કોચરભાઈ રાઠવા નામનાં ૨૫ વર્ષીય યુવકને તેના પત્નિ સાથે ઘરકંકાસ ચાલતો હોય. જેથી યુવકને મનમાં લાગી આવતા ગત તા. ૧૪ના રોજ આશરે ૭ વાગ્યે જામ બરવાળા ગામે ઝાડ સાથે દોરી–રસ્સી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં બગસરા ગામે આરબવાડ વિસ્તારમાં રહેતી અને અભ્યાસ કરતી મન્તશા જાવેદભાઈ જફાઈ નામની ૧૭ વર્ષીય તરૂણીને રાત્રીના પોતાના ઘરે કિર્તીભાઈ જેન્તીભાઈ મકવાણા મળ વા આવેલ. જેનીજાણ તેણીના પરિવારજનોને થઈ જતા તેણી ગુમસુમ રહેતી હોય. તેથી ગત તા. ૧૪ના રોજ ૮:૩૦ વાગ્યે પોતાનાં ઘરેગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### હુમલામાં યુવકને કમરનાં ભાગે ઈજા : હોસ્પિટલમાં ખસેડાયો

# અમરેલીનાં વિઠ્ઠલપુરમાં ખેતી કરતાં મજૂર પર સિંહનો હુમલો

### વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી સિંહનું લોકેશન મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૫

અમરેલીના વિઠ્ઠલપુર ગામની સીમમાં ખેતમજૂર પર સિંહે હુમલો કર્યો હતો. આ હુમલામાં મજૂરને કમરના ભાગે ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી સિંહનું લોકેશન મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમરેલીના વિઠ્ઠલપુરની સીમમાં મધ્યપ્રદેશના વતની કેરમ છીડાભાઈ નાયક ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. તે સમયે અચાનક પાછળથી આવેલા સિંહે તેમના પર હુમલો કર્યો હતો. કેરમભાઈએ જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સિંહે તેમને કમરના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. કેરમભાઈની ચીસો સાંભળીને અન્ય મજૂરોએ ચીસાચીસ કરતા સિંહ ત્યાંથી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત મજૂરને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તેની સારવાર ચાલી રહી છે. ઘટના સમયે હાજર અન્ય વ્યક્તિએ જણાવ્યું હતુ કે અમે પાણી વાળી રહ્યાં હતા ત્યારે અચાનક પાછળથી આવી પહોંચેલા સિંહે હુમલો કર્યો હતો. સિંહે કમરના ભાગે પકડીને બચકું ભરી લીધું હતું. અમે બૂમાબૂમ કરતાં સિંહ તેમને છોડીને ભાગી ગયો હતો. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. સિંહના હુમલાની જાણ થતાં લીલીયા રેન્જ વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. વનવિભાગની ટીમે ઈજાગ્રસ્ત વ્યકિત પાસેથી ઘટના અંગેની માહિતી મેળવી હતી. હાલ વનવિભાગ દ્વારા સિંહનું લોકેશન મેળવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

### શહેરીજનોને પ્રાથમિક સુવિધા મળતી નથી

# ધારીના હીમખીમડીપરા વિસ્તારમાં ગટરના પાણી મકાનમાં પ્રવેશ્યા

### પાલિકાના વહીવટદાર યોગ્ય કરે તેવી માંગ



અમરેલી, તા. ૧૫

ધારી ગ્રામ પંચાયતનું પાલિકામાં રૂપાતંર થયા બાદ પણ ગ્રામજનોની સુવિધામાં કોઈ સુધારો થયો નથી. અને ગટરના ગંધાતા પાણી મકાનમાં ધુસી જતાં હોવાની ફરિયાદ ઉભી થઈ છે.

હીમખીમડી પરા વિસ્તારમાં ભુગર્ભ ગટર સ્થાનિકો માટે માથાનાં દુ:ખાવારૂપ બની છે. અને ગંધાતા પાણી મકાનમાં ધુસી જતાં રોગચાળો અને ગંદકીનો માહોલ ઉભો થયો હોય પાલિકાના વહીવટદાર અધિકારીઓ સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ ઉભી થઈ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### પાલિકાનાં શાસકો સ્વચ્છતાલક્ષી કાર્ય કરી શકતા નથી

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં ગંદકી દુર કરાતી નથી

### જનતા મોટી રકમ કરવેરારૂપે ભરે અને બદલામાં સુવિધા મળતી નથી



જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદ બાલકૃષ્ણ સોસાયટીમાં ખડકાયેલો ઉકરડો દિનપ્રતિદિન વધતો જતો હોય આ ખડકાયેલા ઉકરડાના લીધે દુર્ગંધ મારતું હોય ઘણા સમયથી અહીં ઉકરડો પાલિકાના ધ્યાન ઉપર તો આવતો નથી પરંતુ અહીંથી ચુંટાયેલા સભ્યોના પણ ધ્યાન ઉપર આવતું નથી અહીં ડ્રેનેજ પાણી આ ખડકાયેલા ઉકરડામાં જતું હોય એના લીધે દુર્ગંધ મારતું હોવાથી અહીંના રહીશો ઉપર પણ ગંભીર રોગચાળો ફેલાયા તેવી દહેશત સેવાઈ રહી છે. પરંતુ ચુંટાયેલા સભ્યો પોતાના વિસ્તારોના નાગરિકોને પડતી હાલાકી જોવા કે ડોકાવવા પણ આવતા નથી સામાકાંઠા વિસ્તારોમાં ડ્રેનેજ પાણી રોડ ઉપર વહી રહ્યું છે. પરંતુ ઠેકઠેકાણે ગંદકી રોડ રસ્તા પર ખાડા અમુક અમુક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ વિહોણું હોવાથી અંધારપટ છવાયેલા વિસ્તારો જોવા મળી રહ્યાં છે. નળ છે જળ વિતરણ પણ પંદર દિવસો સુધી મળતું નથી રોડ રસ્તાની હાલત અતિશય ખખડધજ હાલતમાં ડ્રેનેજ પાણીના અમુક અમુક વિસ્તારોમાં ખાડાઓ ભરાઈલા જોવા મળી રહ્યાં છે. સ્વચ્છતા હી અભિયાન સામાકાંઠા વિસ્તારોમાં પાલિકા દ્વારા ક્યારે યોજાશે તેની રાહ આમ જનતા જોઈ રહી છે. સામાકાંઠાની જનતા જનાર્દન પાલિકાને દરેક સ્થળે વેરો ભરવા છતાં કાદવ કીચડમાં રહેવા મજબૂર ચુંટાયેલા સભ્યો ફકતને ફકત શેખી મારી રહ્યા છે. પરંતુ નાગરિકોને પડતી હાલાકી દુર કરવા સાવ નિષ્ફળ રહ્યા છે. આ ખડકાયેલા ઉકરડાના લીધે મેલેરીયા ચિકનગુનિયા જેવા રોગ પગપેસારો કરે તેવી શકયતા સેવાઈ રહી છે. અનેક સમસ્યાઓનો સામનો સામાકાંઠા વિસ્તારોના રહીશો કરી રહ્યા છે. પરંતુ જેની જવાબદારી છે તે આંખ આડા કાન કરી રહ્યા છે. કે પછી આ વિસ્તારના ચુંટાયેલા સભ્યો પણ પોતાની જવાબદારી નિભાવી રહ્યા ન હોવાનું નાગરિકોમાંથી ચર્ચાઓ થઈ રહી છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

### ૩ વ્યકિતએ કર્યો ૩ વ્યકિત પર હુમલો

# ધારીનાં કથીવદર ગામે સામાન્ય બાબતે મારામારી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના સોનારીયા ગામે રહેતાં હરેશભાઈ બાલાભાઈ દાદુકીયાનાં પત્નિ કથીવદર ગામે વાડીએ દાડી કરવાં જતાં ન હોય. તે વાતનુ મનદુ:ખ રાખી ગત તા. ૧૩ના રોજ સાંજે ૭ વાગ્યાના સુમારે ધારી તાલુકાના કથીવદર ગામે રહેતાં સુરેશ રણુભાઈ વાળા, સંજય રણુભાઈ વાળા તથા સંદીપ ઉર્ફે મુનો રણુભાઈ વાળા નામનાં ત્રણેય આરોપીઓએ એકસંપ કરી સોનારીયા ગામે આવી યુવક તથા રવિભાઈ તથા બાલાભાઈને મારી નાખવાના ઈરાદે પાઈપ તથા લાકડી જેવા હથિયાર ધારણ કરી યુવકને માથાના ભાગે તેમજ બાલાભાઈને કપાળ તેમજ માથાના ભાગે તથા રવિભાઈને હાથે તેમજ માથાના ભાગે જેમ ફાવે તેમ ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાંની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### અમરેલી–સાવરકુંડલા માર્ગ ઉપર આવેલ

# મોટા ગોખરવાળા ગામ નજીકથી ક્રુરતાપૂર્વક ભરીને લઈ જવાતા ઘેટા–બકરાને બચાવી લેવાયા

### તાલુકા પોલીસે ૬ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી



અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતાં અમરેલી–સાવરકુંડલા રોડ ઉપર આવેલ મોટા ગોખરવાળા ગામથી રાજસ્થળી ગામના પાટીયા અમરેલી તાલુકા પોલીસે વાહન રોકી ચેકીંગ કરતાં બાતમીવાળા ટ્રકમાં પાટેશન કરી ઉપર નીચે ક્રુરતાપૂર્વક ખીચોખીચ ગુંગળાલ જઈ મરી જાય તે રીતેનાના–મોટાઘેટા–બકરાજીવનનંગ ૨૬૮ ભરી પ્રાથીઓ માટે પુરતા પાણી તથા ઘાસચારાની વ્યવસ્થા નહી રાખી તેમજ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે વેટેનરી ઓફિસરના પ્રમાણપત્ર વગર અને પાસ પરમીટ વગર ગેરકાયદે રીતે પશુભરીહેરાફેરી કરી પોતાના કબ્જામાં રાખી પશુ પ્રત્યે ઘાતકી પણ દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી કુલ નાના–મોટાઘેટા–બકરાનં.૨૬૮કિંમત રૂપિયા ૧૩,૪૦,૦૦૦ તથા ટ્રક નં. જી.જે.–૧૪એટી–૧૩૦૦કિંમત રૂા. ૨૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૬,૪૦,૦૦૦નાં મુદામાલ સાથે અમરેલી તાલુકા પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાનાચિતલગામેઆવેલકાલવાચોકમાં રહેતા ટ્રક ડ્રાઈવર ચાલક સાહિદભાઈ સુલેમાનભાઈ કાલવા તથા સાવરકુંડલા ગામેઆવેલખાટકીવાડ વિસ્તારમાંરહેતા સોહીલભાઈ ઈસુબભાઈ બાવનકા, જુબેરભાઈ હાસમભાઈ બાવનકા, શાહ નવાજભાઈ રજાકભાઈ બાવનકા, જુનેદભાઈ ફારૂકભાઈ બાવનકા, રફીકભાઈ જમાલભાઈ તરકવાડીયા (રહે. સિહોર) સહિત ૬ આરોપીઓએ પોતાનાહવાલાવાળાટ્રકનં.જી.જે.–૧૪ એટી–૧૩૦૦નાંફાલકામાંવચ્ચેપાટેશન કરી ઉપર નીચે ક્રુરતાપૂર્વક ખીચોખીચ ગુંગળાઈ જઈ મરી જાય તે રીતે નાના–મોટાઘેટા–બકરાજીવનંગર૬૮ ભરી પ્રાણીઓ માટે પુરતા તથા ઘાસચારાની વ્યવસ્થા નહી રાખી તેમજ સક્ષમઅધિકારીનાપ્રમાણપત્ર કેવેટેનરી ઓફિસરનાપ્રમાણપત્ર વગર અને પાસ પરમીટ વગર ગેરકાયદે રીતે પશુ ભરી હેરાફેરી કરી પોતાના કબ્જામાંરાખી પશુ પ્રત્યે ઘાતકી પણ દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી કુલ નાના–મોટા ઘેટા–બકરા નંગ ૨૬૮ કિંમત રૂા. ૧૩,૪૦,૦૦૦તથાટ્રકનં.જી.જે.–૧૪ એટી–૧૩૦૦ કિંમત રૂપિયા ૨૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૬,૪૦,૦૦૦ના મુદામાલ સાથે અમરેલી તાલુકા પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહીહાથ ધરેલછે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આંબાનો બગીચો વેચવાનો છે.
ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી–અમરેલી રોડ ઉપર કુલ–૨૧ વીઘા
આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)
રાયણ - ચીકુ - લીંબુડી - નાળીયેરી | ૨૦ HP / ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર | ૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો
સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩

# અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલમાં બોર્ડ પરીક્ષા અંગે પ્રેરણાત્મક કાર્યક્રમ યોજાયો



અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી), સંચાલિત બી. એનેન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક ગર્લ્સ સ્કૂલ ખાતે ધોરણ–૧૨ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની વિદ્યાર્થીનીઓ માટે બોર્ડ પરીક્ષા તૈયારી અંગે પ્રેરણાત્મક માગર્દશન કાયક્રમ યોજાયો હતો. કાયક્રમમાં વિદ્યાર્થીનીઓએ યોગ્ય અભ્યાસ આયોજન, સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. અનુભવી સ્ટાફે બોર્ડ પરીક્ષાનું મહત્વ સમજાવી વિદ્યાર્થીનીઓને સકારાત્મક વિચાર સાથે તૈયારી કરવા પ્રોત્સાહિત કર્યા.

## આઝાદીનાં ૭૮ વર્ષ બાદ ૧૫ પરિવારોનાં મકાનમાં વીજળીનું આગમન

# ભૈ વાહ : બગસરાનાં સુડાવડ ગામે ૧૫ પરિવારોનાં મકાનમાં રોશનીનું આગમન

**સુડાવડ ગામથી દોઢ કિ.મી. દૂરનાં વિસ્તારમાં ૧૫ પરિવારો દાયકાથી અંધારામાં જીવન પસાર કરતાં હતા**

**ગામના સરપંચની જહેમતથી પીજીવીસીએલ દ્વારા વીજળી પહોંચાડવામાં આવતા ખૂશીનો માહોલ**

**રાજ્ય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ વીજળી મેળવનાર પરિવારોની મુલાકાત લીધી**

**૧૫ પરિવારોમાં લાઈટ, પંખા, ટીવી, પાણીની મોટર શરૂ થતાં દિવાળી જેવો માહોલ**



અમરેલી, તા. ૧૫

આઝાદીના ૭૫ વર્ષ બાદ બગસરા તાલુકાના સુડાવડ ગામેના વિસ્તારમાં વીજળી આવતા છેલ્લા ૭૫ વર્ષથી અંધકારમાં જીવતા લોકોનાં ઘરોમાં રોશનીનો ઝગમગાટ થયો હતો. ત્યારે આજદિન સુધી દીવા, ફાનસ પર જીવતા ઘરોમાં રાજયના ઊર્જામંત્રી કૌશિક વેકરીયાના પ્રયત્નોથી ઘરોમાં વીજળીનો પ્રકાશ પહોંચ્યો હતો. ત્યારે ઉર્જામંત્રી કૌશિક વેકરીયા સુડાવડ ગામે પહોંચીને વીજળી મેળવેલા ઘરોની મુલાકાત લઈને સુડાવડ વાસીઓ સાથે મુલાકાત કરતા ગામમાં હરખની લાગણીઓ જોવા મળી હતી.

બગસરાના સુડાવડ ગામથી અંદાજે એક દોઢ કિ.મી. દૂર આવેલા વાડ વિસ્તારમાં રહેતા ૧૫ જેટલા પરિવારો માટે જીવનમાં ઐતિહાસિક દિવસ સાબિત થયો છે. વર્ષોથી અંધકારમાં જીવન જીવતા આ પરિવારોના ઘરમાં આખરે વીજળી પહોંચી છે. લગભગ ૭૫ વર્ષથી અહીં વસવાટ કરતા પરિવારો અત્યાર સુધી દીવા, ફાનસ અને સોલાર લાઈટના સહારે જીવન પસાર કરતા હતા. પણ હવે જયારે તેમના ઘરમાં વીજળીના દીવા પ્રગટયા છે ત્યારે લોકોના ચહેરા પર જિંદગીની અણમોલ ખુશી જોવા મળી હતી અને તે લોકોના જીવનમાં સોનાનો સૂરજ ઊગ્યો હોવાનો અહેસાસ સુડાવડ વાસીઓએ કર્યો હતો.

હરિભાઈ મકવાણાએ જણાવ્યું કે સુડાવડ ગામથી એક કિ.મી. દૂર આવેલા વિસ્તારમાં ૧૫ પરિવારો વર્ષોથી વસવાટ કરે છે. પરંતુ અહીં વસતા કોઈ લોકોએ પોતાના ઘરમાં કયારેય વીજળી જોઈ નહોતી. અમે દીવા અને ફાનસના અજવાળે જીવન જીવતા હતા, સોલાર રાખવો પડતો હતો, પરંતુ પૂરતો પ્રકાશ મળતો ન હોતો.

આજે આઝાદીનાં ૭૫ વર્ષ પછી અમારા ઘરોમાં વીજળી આવી છે અને હવે વીજળી આવતા હવે પોતાના બાળકો રાત્રિના સમયે પણ ઘરમાં બેઠા શાંતિથી અભ્યાસ કરી શકશે.

ઉપરાંત આ વિસ્તાર વન્ય પ્રાણીથી પ્રભાવિત હોવાથી રાત્રીનાં સમયે અંધારામાં વન્યપ્રાણીઓનો ડર લાગતો હતો પરંતુ હવે વીજળીના અજવાળા થતાં સુરક્ષાની લાગણી પણ વધશે. અમારા ઘરમાં આજે વીજળી રૂપી દીવો પ્રગટયો છે, તે જાણે અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા પૂર્ણ થઈ હોય તેવો અહેસાસ અનુભવ્યો હતો અને સરપંચ સહિત તમામ અધિકારીઓ અને પદાધિકારીઓનો હૃદયપૂર્વક તેમણે આભાર માન્યો હતો.

સુડાવડ ગામના સરપંચ પ્રવીણભાઈ આસોદરિયાએ જણાવ્યું કે ગામથી એક કિ.મી. દૂર આવેલા આ વિસ્તારમાં છેલ્લા આટલાં વર્ષથી ૧૫ પરિવારો વસવાટ કરે છે. આ પરિવારો દીવાના સહારે જીવન જીવતા હતા ત્યારે અહીં જયોતિગ્રામ યોજના કે નિયમિત લાઈટની સુવિધા નહોતી. પરંતુ છેલ્લા એક વર્ષથી સતત મહેનત કરીને પીજીવીસીએલ તથા સ્થાનિક આગેવાનો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી. દરખાસ્ત તૈયાર કરીને સતત ફોલોઅપ લેવાયો હતો જેના પરિણામે આજે અહીં વીજળી પહોંચી છે.

જયારે જુનાગઢ પી.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર કે.બી. પટેલ દ્વારા પણ ૧૫ ઘરોમાં વીજ જોડાણ આપી દીધું છે તે પણ જયોતિગ્રામ યોજનામાં મફત વીજળી આપી હોવાનું જણાવ્યું હતું. ત્યારે આવા વીજળી વિહોણા ઘરોમાં રોશની આપવામાં આવતાં નવનિયુકત ઊર્જામંત્રી કૌશિક વેકરીયા મુલાકાતે પહોંચ્યાં હતા અને સુડાવડ વાસીઓએ સામૈયા કરીને મંત્રીને વધાવ્યા હતા અને અંધકારમાંથી અંજવાળા કરનારા ઉર્જામંત્રીએ સરકારનો આભાર માન્યો હતો.

પી.જી.વી.સી.એલ. વિભાગે જયોતિગ્રામના થાંભલાઓ નાખીને વીજળી ઘરો સુધી પહોંચાડી અને અંધારમય જીવતા લોકોના જીવનમાં અજવાળાં પાથરનારા તમામ લોકોને અંતરના આશીર્વાદ આપ્યા હતા અને જે ઘરોમાં ફાનસ પ્રગટતા ત્યાં એલ.ઈ.ડી. લાઈટ, પંખાઓ અને ટીવી શરૂ થવાની ખુશી વ્યકત કરતા ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ વિકાસની નવી કેડી કંડારવાનું કાર્ય ગણાવ્યું હતું અને વીજળી વિહોણા પરિવારને અંજવાળા કર્યા હતા અને વર્ષોની વેદના બાદ સુડાવડના આ વાડી વિસ્તારમાં હવે સાચા અર્થમાં વિકાસનો પ્રકાશ પહોંચ્યો છે તેમ અંતમાં જણાવ્યું હતું.

























### દિલ્હી ગેસ ચેમ્બર બનતાં CJI ભડક્યા

# ધનિકો પ્રદૂષણ ફેલાવે છે અને ગરીબો સહન કરે છે

## મુખ્ય ન્યાયાધિશે ભારપૂર્વક જણાવ્યું કે પ્રદૂષણ નિયંત્રણ સાથે સંબંધિત પ્રોટોકોલ અસ્તિત્વમાં છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું નથી

નવી દિલ્હી, તા.૧૫

દિલ્હી-NCRમાં વકરી રહેલા વાયુ પ્રદૂષણના સંકટ પર વરિષ્ઠ અધિવક્તાએ સુપ્રીમ કોર્ટનું ધ્યાન દોર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રદૂષણ નિયંત્રણ સાથે સંબંધિત પ્રોટોકોલ અસ્તિત્વમાં છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું નથી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ(CJI)એ ગંભીર ટિપ્પણી કરતાં કહ્યું કે ધનિકો દ્વારા પ્રદૂષણ ફેલાવાય છે અને ગરીબો તેનાથી સૌથી વધુ પીડાય છે. વરિષ્ઠ અધિવક્તાએ કોર્ટને જણાવ્યું કે ગયા મહિને સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર-જાન્યુઆરી દરમિયાન રમતગમતની પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનો નિર્દેશ આપ્યો હતો, તેમ છતાં વિવિધ સ્થળોએ રમતગમતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે રાજ્ય સરકારો કોર્ટના આદેશોને અવગણવા માટે ઉપાયો અને સાધન અપનાવી રહી છે. તેમણે એ પણ નોંધ્યું કે વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ (CAQM) ફરી એકવાર સુપ્રીમ કોર્ટના આદેશોનો હવાલો આપી રહ્યું છે, પરંતુ જમીની સ્તર પર સ્થિતિમાં કોઈ સુધારો દેખાતો નથી. આ મુદ્દે મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે કહ્યું કે કોર્ટ આ સમસ્યાથી સંપૂર્ણપણે વાકેફ છે અને માત્ર એવા જ આદેશો પસાર કરવામાં આવશે જે અસરકારક હોય અને તેનું પાલન કરાવી શકાય. CJI એ ટિપ્પણી કરી કે કેટલાક નિર્દેશો એવા હોય છે, જેને બળજબરીથી લાગુ કરવા પડે છે, પરંતુ મહાનગરોમાં લોકોની પોતાની જીવનશૈલી હોય છે, જેને બદલવી સરળ નથી.મુખ્ય ન્યાયાધીશે એ પણ મહત્ત્વની ટિપ્પણી કરી કે પ્રદૂષણની સૌથી વધુ અસર ગરીબો પર પડે છે, જ્યારે પ્રદૂષણ ફેલાવતી ગતિવિધિઓમાં મોટાભાગે સંપન્ન વર્ગની ભૂમિકા હોય છે. એમિકસ ક્યૂરી અપરાજિતા સિંહે આ વાત સાથે સહમતિ દર્શાવી અને કહ્યું કે ગરીબ મજૂરો આ સંકટથી સૌથી વધુ પ્રભાવિત થાય છે. કોર્ટે જણાવ્યું કે દિલ્હી-NCR વાયુ પ્રદૂષણ સાથે જોડાયેલા આ મામલાની ૧૭ ડિસેમ્બરના રોજ વિગતવાર વિચારણા માટે સુનાવણી થશે.

### રામજી મંદિરના ૧૦૦ વર્ષ પુર્ણ થતા

# લીલીયા મોટા ખાતે રામજી મંદિરનો ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ યોજાશે

## તારીખ ૧ જાન્યુઆરીથી ૩ જાન્યુઆરી ત્રિદિવસીય મહોત્સવ





લીલીયા તા.૧૫, લીલીયા રામજી મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સમગ્ર ગ્રામજનો દ્વારા તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬થી તારીખ ૩ જાન્યુઆરી ૨૦૨૬ ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સફળ બનાવવા રામજી મંદિર ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં શહેરની વિવિધ જ્ઞાતિ સંગઠનના હોદ્દેદારો અને સામાજિક અને ધાર્મિક સંસ્થાના હોદ્દેદારો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર આયોજન સફળ બનાવવા આર્થિક યોગદાન પણ જાહેર કરેલ કાર્યક્રમ દરમિયાન શહેરના બહાર ધંધાર્થે ગયે લોકોને આમંત્રણ પાઠવી કાર્યક્રમમાં ભાગ લેવા બોલવામાં આવશે તેવું સૂત્ર પાસેથી જાણવા મળેલ હોવાનું મનોજ । જોષીની યાદીમાં જણાવેલ છે.

### સોનિયા ગાંધીએ માફી માંગવી જોઈએ : નડ્ડા

# કોંગ્રેસની રેલીમાં PM મોદીનું અપમાન થયું છે : જે. પી. નડ્ડા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કથિત અપમાનને લઈને લોકસભા અને રાજયસભા બંનેમાં ભારે હોબાળો થયો હતો

નવી દિલ્હી, તા.૧૫

સંસદના શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાની શરુઆત સોમવારે (૧૫મી ડિસેમ્બર) હંગામા સાથે થઈ. લોકસભા શરુ થયા પછી સ્પીકર ઓમ બિરલાએ પૂર્વ લોકસભા સાંસદોના નિધન બદલ શોક સંદેશો વાંચ્યા. સંસદ સભ્યોએ તેમના માનમાં મૌન પાળ્યું. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કથિત અપમાનને લઈને લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો થયો હતો. રાજ્યસભામાં, ગૃહના નેતા અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી નડ્ડાએ સોનિયા ગાંધી પાસેથી માફીની માંગ કરી હતી.

રાજ્યસભાની કાર્યવાહી શરુ થયા પછી ગૃહના ફ્લોર પર અનેક કાયદાકીય કાગળો મૂકવામાં આવ્યા. ત્યારબાદ ગૃહના નેતા જે. પી. નડ્ડાએ કોંગ્રેસ પાર્ટીની રેલીમાં કરવામાં આવેલી ટિપ્પણીનો સખત વિરોધ કર્યો. તેમણે કહ્યું, કોંગ્રેસ પાર્ટીની રેલીમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા, મોદી, તમારી કબર ખોદવામાં આવશે, આજે નહીં તો કાલે. આવા સૂત્રો કોંગ્રેસ પાર્ટીની વિચારસરણી અને માનસિકતાને પ્રતિબિંબિત કરે છે. આ મોટા નેતાઓની હતાશાને પણ પ્રતિબિંબિત કરે છે. વડાપ્રધાન વિરુદ્ધ આવી વાતો કરવી અને તેમના મૃત્યુની ઈચ્છા કરવી ખૂબ જ નિંદનીય છે. નોંધનીય છે કે, તેમણે વિપક્ષના નેતા અને કોંગ્રેસ પાર્ટીના નેતા સોનિયા ગાંધીએ આ ઘટના માટે દેશની માફી માંગવી જોઈએ. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કથિત અપમાનનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે ૨૦૧૪માં એક ભાજપના સાંસદે તેમના વિરોધીઓનું વર્ણન કરવા માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. સખત નારાજગી વ્યક્ત કરતાં, વડાપ્રધાને ભાજપ નેતાને માફી માંગવા કહ્યું, અને ભાજપ નેતાએ માફી માંગી. કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદીના કથિત અપમાનનો ઉલ્લેખ કરતાં કિરેન રિજિજુએ કહ્યું, ગઈકાલે, કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદી માટે કબર ખોદવાની વાત થઈ હતી. કોંગ્રેસ પાર્ટી રાજકારણના સૌથી નીચલા સ્તરે ઉતરી ગઈ છે. પક્ષના નેતૃત્વએ આ ઘટના માટે માફી માંગવી જોઈએ.

દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજિત કોંગ્રેસ પાર્ટીની રેલી દરમિયાન આપેલા ભાષણનો ઉલ્લેખ કરતાં કિરેન રિજિજુએ કહ્યું કે, આ કાર્યક્રમમાં સમગ્ર પાર્ટી નેતૃત્વ હાજર હતું, જ્યાં વડાપ્રધાન મોદીની કબર ખોદી નાખો જેવા નારા લગાવવામાં આવ્યા હતા. દેશ માટે આનાથી વધુ શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ઘટના બીજી કોઈ હોઈ શકે નહીં. વડાપ્રધાનના કથિત અપમાનના આ મામલે સમગ્ર શાસક પક્ષ આક્રમક દેખાયો અને ભાજપના સાંસદોએ સર્વાનુમતે કોંગ્રેસ પાસેથી માફી માંગવાની માંગ કરી હતી.

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઊંડો શોક વ્યક્ત કર્યો

# પૂર્વ સાંસદ રામવિલાસ વેદાંતીનું હાર્ટ એટેક આવતા નિધન થયું

## ઘણા દિવસોથી તેમની તબિયત નાદુરસ્ત હતી અને તેઓ સંજય ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા

અયોધ્યા, તા.૧૫

અયોધ્યા રામ મંદિર આંદોલનના મુખ્ય સ્તંભ અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સાંસદ ડૉ. રામવિલાસ વેદાંતીનું સોમવારે નિધન થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત નાદુરસ્ત હતી અને તેઓ મધ્યપ્રદેશના રીવા ખાતે આવેલી સંજય ગાંધી મેમોરિયલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જ્યાં સોમવારે બપોરે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના પાર્થિવ દેહને અયોધ્યા લાવવામાં આવી રહ્યો છે, જ્યાં મંગળવારે સરયૂ નદીમાં તેમને જળ સમાધિ આપવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત અનેક નેતાઓએ તેમના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. ૬૭ વર્ષીય ડૉ. વેદાંતી છેલ્લા બે દિવસથી મધ્યપ્રદેશના રીવામાં રામકથા માટે ગયા હતા. રવિવારે તેમને પેશાબ સંબંધિત તકલીફ થતાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવને તેમના બીમાર હોવાની જાણ થતાં તેમણે એરલિફ્ટ કરીને ભોપાલ લઈ જવાની વ્યવસ્થા કરી હતી, પરંતુ ઓછી વિઝિબિલિટીને કારણે વિમાન લેન્ડ ન થઈ શકતા તેમને પાછા રીવાની હૉસ્પિટલમાં જ દાખલ કરવા પડ્યા હતા. આ દરમિયાન, મધ્યરાત્રિએ તેમને હાર્ટ એટેક આવ્યો હતો.સોમવારે સવારે ફરીથી હાર્ટએટેક આવતા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હૉસ્પિટલ મેનેજમેન્ટનો સંપર્ક કરી તેમના સ્વાસ્થ્યની જાણકારી લીધી હતી. તેમને એરલિફ્ટ કરીને મેદાંતા હૉસ્પિટલ લઈ જવાની તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ ખરાબ હવામાન અને ડૉ. વેદાંતીની અસ્થિર તબિયતને કારણે ડૉક્ટરોએ એરલિફ્ટ કરવાની મંજૂરી આપી ન હતી. આ દરમિયાન, બપોરે સાડા બાર વાગ્યે તેમના શ્વાસ થંભી ગયા હતા.ડૉ. વેદાંતીના નિધન પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શોક વ્યક્ત કરતાં કહ્યું, "શ્રીરામ જન્મભૂમિ આંદોલનના મુખ્ય સ્તંભ, પૂર્વ સાંસદ અને પૂજ્ય સંત ડૉ. રામવિલાસ વેદાંતીજી મહારાજનું દેવલોક પામવું એ આધ્યાત્મિક જગત અને સનાતન સંસ્કૃતિ માટે અપૂર્ણીય ક્ષતિ છે. તેમનું જવું એ એક યુગનો અંત છે."

### જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## માર્ગ સલામતીને લગતી કામગીરી નિયમિત રીતે કરવા નિર્દેશ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરએ અમરેલી જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી.બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા કલેકટરએ વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત થાય તે માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને નિયમિત રીતે કરવા માટે તેના માટે જિલ્લા કલેકટરએ દિશાનિર્દેશ આપ્યા હતા. જિલ્લાના વિવિધ માર્ગો પર માર્ગ સલામતીને લગતી કામગીરી નિયમિત રીતે કરવા જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું.માર્ગ સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશયકતા મુજબ જરૂરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવાની કામગીરીને નિયમિત રીતે થાય તે માટે કલેકટરએ જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. તેમણે માર્ગ અકસ્માતમાં થતા ફેટલની સંખ્યા કેવી રીતે ઘટાડી શકાય તેના માટે યોગ્ય અમલવારી કરવા માટે સંલગ્ન વિભાગોને જરૂરી સૂચના આપી હતી. નવેમ્બર –૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ, ઈન્ટરસેપ્ટર વાન, એ.આર.ટી.ઓ દ્વારા ટ્રાફીક લગત વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફલેકટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ, સહિતની બાબતોને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત દંડ પણ કરવામાં આવ્યો હતો. વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, અતિશય ઝડપે વાહન ચલાવવું વગેરે બાબતોને લઈને જનજાગૃત્તિલક્ષી કાર્યક્રમો પણ સમયાંતરે યોજવામાં આવી રહ્યા છે.માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી પઢિયારે પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરી હતી.અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં, એ.એસ.પી ધારી, જયવીર ગઢવી, અમરેલી–કુંકાવાવના પ્રાંત અધિકારી નાકિયા, લાઠી બાબરા–પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, બગસરા પ્રાંત અધિકારી નંદા, ધારી પ્રાંત અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, રાજય અને પંચાયત માર્ગ અને મકાન, આરોગ્ય સહિત વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં નિબંધ, વકૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન





સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા શહેરમાં આવેલ એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તારીખ ૧૨/૧૨/૨૫ના રોજ આત્મ નિર્ભર ભારત અંતર્ગત શાળામાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન થયેલ હતું તેમજ આ સુંદર કાર્યક્રમની શરૂઆત સુંદર પ્રાર્થના તેમજ વિવિધ સ્વદેશી વિચારો અંતર્ગત વકૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન થયેલ તેમાં શાળાની વિદ્યાર્થીની બહેનોએ પોતાના સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે પોતાના વિચાર રજુ કરેલ, જેમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થીની બહેન ટોટા દિપાલી મુકેશભાઈએ વકતવ્ય રજૂ કરેલ અને ધોરણ ૧૦ની વિદ્યાર્થીની બહેન ડુબાણીયા જાનવી મુકુંદભાઈએ નિબંધ રજૂ કરેલ, તો શાળાના શિક્ષક બોરીસાગર હિમાંશુભાઈએ 'સ્વદેશી અપનાવો દેશ બચાવો'ના વિચારને સુંદર રીતે રજૂ કરેલ તેમજ આપડું કુંડલા પત્રકાર પાંધીસર ડીજીટલ ન્યૂઝમાંથી પાંધી સાહેબ હાજર રહી પોતાના વિચારો રજૂ કરેલ. તેમજ સાવરકુંડલાના અગ્રણીઓની વિશેષ હાજરી રહેલ, અંતમાં શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયાએ સ્વદેશી વસ્તુઓની વિશાળ સૂચિ વિદ્યાર્થીનીઓને જણાવેલ તેમજ અર્થતંત્રના નિયમો અને ભારતીય અર્થતંત્ર વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડેલ. અંતમા સ્વદેશી અપનાવો માટે શપથ લેવામાં આવી. આભાર વિધિ શાળાના સુપરવાઈઝર નીતાબેન દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનુ સંચાલન નિલેશભાઈ ગૌસ્વામી અને વિજયભાઈ કનેરિયા દ્વારા કરવામાં આવેલ.

### પીયૂષ ગોયલ તમિલનાડુના ચૂંટણી પ્રભારી નિયુક્ત

# તમિલનાડુ અને આસામ માટે ભાજપે ચૂંટણી પ્રભારી કર્યા જાહેર

## ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય જનતા પાર્ટીએ તમિલનાડુ અને આસામ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી અને સહ-પ્રભારીના નામ જાહેર કર્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે આસામ વિધાનસભા ચૂંટણીની જવાબદારી પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજંત પાંડાને સોંપવામાં આવી છે. પૂર્વ રેલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર, રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રભારી અને સહ-પ્રભારી નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને ચૂંટણી પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ અને નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

આસામ વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીએ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજંત પાંડાને ચૂંટણી પ્રભારી નિયુક્ત કર્યા છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુનીલ કુમાર શર્માને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને આસામમાં ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય મહાસચિવે બિહારના મંત્રી નીતિન નવીન સિંહાને ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્તની સૂચના જાહેર કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ તેના નવા કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી છે. બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને પાર્ટીના નવા કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેપી નડ્ડાના બાદ તેઓ હવે પાર્ટીની જવાબદારીઓ સંભાળશે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ઉપરોક્ત નિમણૂક તાત્કાલિક અમલમાં આવશે."સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બિહારના કેબિનેટ મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ અભિનંદન પાઠવ્યા. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, "બિહારના યુવા અને ઉર્જાવાન નેતા નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન.

### ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ મોટો ખુલાસો કર્યો

# નેહરુ અને ઈન્દિરા ગાંધીએ CIA ને નંદા દેવી પર ન્યૂક્લિયર ડિવાઈસ લગાવવાની આપી હતી મંજૂરી

નવી દિલ્હી, તા.૧૫

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાનો જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધી પર ગંભીર આરોપો લગાવ્યા છે. ભાજપના સાંસદે દાવો કર્યો છે કે ૧૯૬૦ ના દાયકામાં નેહરુએ ચીન પર નજર રાખવા માટે યુએસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) ને હિમાલયમાં નંદા દેવી શિખર પર પરમાણુ સંચાલિત સર્વેલન્સ ઉપકરણો સ્થાપિત કરવાની મંજૂરી આપી હતી. દુબેએ પોતાની પોસ્ટમાં એવો પણ દાવો કર્યો હતો કે આ સીક્રેટ ઓપરેશન અનેક તબક્કામાં હાથ ધરવામાં આવ્યું હતું. પ્રથમ ૧૯૬૪ માં જવાહરલાલ નેહરુના કાર્યકાળ દરમિયાન, અને બાદમાં ૧૯૬૭ અને ૧૯૬૯ માં જ્યારે ઈન્દિરા ગાંધી વડા પ્રધાન હતા.પોસ્ટમાં ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લખ્યું છે કે, "૧૯૬૪માં ભારતના પ્રથમ વડા પ્રધાન નહેરુ અને ૧૯૬૭ અને ૧૯૬૯માં ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ યુએસ CIA સાથે મળીને હિમાલયમાં નંદા દેવી પર ચીન માટે પરમાણુ જાસૂસી ઉપકરણો સ્થાપિત કર્યા હતા."તેમણે આગળ કહ્યું, "અમેરિકનો ભાગી ગયા પછી બધો સામાન ત્યાં છોડી દેવામાં આવ્યો. શું આ જ કારણ નથી કે ઉત્તરાખંડથી બંગાળ સુધી ગંગા કિનારે રહેતા લોકોમાં કેન્સરના કેસ વધી રહ્યા છે?" ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ આરોપ લગાવ્યો કે આ જ કારણ છે કે હિમાલયના પ્રદેશોમાં ગ્લેશિયર પીગળી રહ્યા છે, વાદળ ફાટી રહ્યા છે અને ઘરોમાં તિરાડો પડી રહી છે. ૧૯૭૮માં, તત્કાલીન વડા પ્રધાન મોરારજી દેસાઈએ લોકસભામાં આ વાત સ્વીકારી હતી.

તાજેતરમાં, પ્રખ્યાત અમેરિકન અખબાર ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે આ સમાચાર પ્રકાશિત કર્યા હતા. હવે આપણા બાળકોને બચાવવાનો સમય છે.

# મનરેગાની જગ્યાએ હવે "જી રામ જી" યોજના

નવી દિલ્હી, તા.૧૫

કેન્દ્ર સરકારે મનરેગા યોજનાનું નામ બદલી નાખ્યું છે. હવે આ યોજનાનું નામ જી રામ જી યોજના હશે. કેન્દ્ર સરકાર આ અંગે સંસદમાં એક બિલ લાવશે. કેન્દ્ર સરકારે મનરેગાનું નામ હવે વિક્સિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) 'VB-G RAM G' કરીને એક બિલ લાવશે. સરકાર આ સાથે આ યોજનામાં વાર્ષિક રોજગાર માટેના દિવસોને પણ ૧૦૦થી વધારીને ૧૨૫ દિવસ કરવાની જાહેરાત કરી શકે છે. અત્રે જણાવવાનું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)ને રદ કરી ગ્રામીણ રોજગાર માટે નવો કાયદો લાવવા સંબંધિત એક બિલની કોપીઓ લોકસભાના સભ્યોને વહેંચવામાં આવી છે. બિલની કોપી મુજબ તેનો હેતુ વિક્સિત ભારત-રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) બિલ, ૨૦૨૫ સંસદમાં લાવવાનો અને ૨૦૦૫ના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને રદ કરવાનો પ્રસ્તાવ છે. બિલમાં કહેવાયુંછે કે બિલનો હેતુ વિક્સિત ભારત ૨૦૨૭ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ મુજબ ગ્રામીણ વિકાસ માળખાને સ્થાપવાનો છે. જે હેઠળ અકુશળ શારીરિક શ્રમક કરવા માટે સ્વચ્છાએ આગળ આવનારા પ્રત્યેક ગ્રામીણ પરિવારના વયસ્ક સભ્યને દર નાણાકીય વર્ષમાં ૧૨૫ દિવસી મજૂરી આધારિત રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે. તેનો હેતુ લક્ષ્ય સશક્તિકરણ અને વિકાસને પ્રોત્સાહન આપીને સમૃદ્ધ અને સક્ષમ ગ્રામીણ ભારતનું નિર્માણ કરવાનો છે. આ બિલ લોકસભા સભ્યોને પહોંચતું કરી દેવાયું છે અને તે સદનમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે સંસદનું શિયાળુ સત્ર એક ડિસેમ્બરે શરૂ થયું હતું જે ૧૯ ડિસેમ્બરે સમાપ્ત થશે.

### ડિગ્રીનો મોહ છોડો, સ્કીલ્સ શીખો : રઘુરામ રાજન

# RBIના પૂર્વ ગવર્નરે ભારતની શિક્ષણ વ્યવસ્થા ઉપર ચિંતા વ્યક્ત કરી

## તેમણે કહ્યું કે, AIના આ જમાનામાં પણ પ્લમ્બર જેવા હાથથી કરવામાં આવતા કામો ખતમ થશે નહીં

નવી દિલ્હી, તા.૧૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને ભારતની શિક્ષણ વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, AIના આ જમાનામાં પણ પ્લમ્બર જેવા હાથથી કરવામાં આવતા કામો ખતમ થશે નહીં. પરંતુ, ભારતની શિક્ષણ પ્રણાલી બાળકોને આવા કામો માટે તૈયાર કરી રહી નથી. રઘુરામ રાજને કહ્યું કે, આપણે બાળકોને ડિગ્રીને બદલે પ્રેક્ટિકલ સ્કીલ્સ શીખવવા પર ધ્યાન આપવું જોઈએ.રઘુરામ રાજને એક પોડકાસ્ટમાં કહ્યું કે, ભારત AIના ભવિષ્યની તરફ આગળ વધી રહ્યું છે. પરંતુ, તેનું વર્કફોર્સ (કામ કરતા લોકો) યોગ્ય રીતે તાલીમબદ્ધ નથી. અનેક લોકો તો કુપોષિત પણ છે. તેમણે કહ્યું કે, આપણે વિચારવું જોઈએ કે આપણે આપણા યુવાનોને કામ માટે કેવી રીતે તૈયાર કરીએ છીએ. આપણે માત્ર ડિગ્રી પર જ નહીં, પરંતુ પ્રેક્ટિકલ સ્કીલ્સ પર ધ્યાન આપવું જોઈએ. રઘુરામ રાજને કહ્યું કે, કેટલીક એવી જગ્યાઓ છે, જ્યાં કામની જરૂર છે, જ્યાં હાથથી કામ કરવું પડે છે. છૈંના આ જમાનામાં પણ પ્લમ્બરનું કામ ખતમ થશે નહીં.તેમણે પ્લમ્બિંગ અને એરક્રાફ્ટ એન્જિન રિપેર જેવા કામોનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે, આ કામો આજે પણ જરૂરી છે. તેને ઓટોમેશનથી બદલવું મુશ્કેલ છે. પરંતુ, ભારતની વર્તમાન શિક્ષણ પ્રણાલી બાળકોને આ જરૂરી કામો માટે પણ તૈયાર કરી રહી નથી. બાળકોને ગણિત, વિજ્ઞાન અને કમ્યુનિકેશન જેવી મૂળભૂત વસ્તુઓ શીખવવામાં આવતી નથી. તેમણે આ વિચારને પણ ખોટો ગણાવ્યો કે સફળતા માટે માત્ર ડિગ્રી જ જરૂરી છે. રઘુરામ રાજને કહ્યું, મને ફ્રેન્ચ કે અંગ્રેજી સાહિત્યમાં ડિગ્રીની જરૂર નથી. તેમણે કહ્યું કે તેઓ મોડર્ન પ્લમ્બિંગમાં ટેક્નિકલ કોર્સ કરવામાં ખુશ થશે.તેમણે કહ્યું કે, આ વિચારને બદલવાની સાથે સિસ્ટમમાં પણ ફેરફારની જરૂર છે. તેમણે કહ્યું કે વધુમાં વધુ અપ્રેન્ટિસશિપ (પ્રેક્ટિકલ ટ્રેનિંગ) હોવી જોઈએ. સ્કિલ્ડ ટ્રેડ (હુનર વાળા કામો)ને વધુ સમ્માન મળવું જોઈએ. અભ્યાસનો એવો સિલેબસ હોવો જોઈએ જેમાં થિયરીની સાથે-સાથે પ્રેક્ટિકલ પણ શીખવવામાં આવે. તેમણે એવું પણ કહ્યું કે, પ્લમ્બર બનવા માટે એન્ટરપ્રેન્યોરશિપ (પોતાનું કામ શરૂ કરવાનું હુનર) પણ જરૂરી છે. તમને તમારા કામની કિંમત નક્કી કરતા આવડવું જોઈએ અને તમારા ખર્ચનો હિસાબ રાખતા પણ આવડવું જોઈએ.રઘુરામ રાજને માત્ર સ્કિલ્સની વાત જ ન કરી. તેમણે કામ માટે તૈયાર રહેવા અને બાળપણના વિકાસને પણ જોડ્યું છે. તેમણે કહ્યું, આપણે આપણા કેટલાક બાળકોને બાળપણમાં જ ફેલ કરી રહ્યા છીએ. તેમણે કુપોષણનો ઉલ્લેખ કર્યો. તેમણે ચેતવણી આપી કે જે બાળકો કુપોષણને કારણે યોગ્ય રીતે વિકસિત થઈ શકતા નથી, તેઓ ભવિષ્યના કામોની શારીરિક અને માનસિક માંગને પૂરી કરી શકશે નહીં. તેમણે કહ્યું કે, જો આપણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનવું હોય તો આપણે આપણી ૩૫% વર્કફોર્સને આવી નાજુક સ્થિતિમાં રાખી શકીએ નહીં. કુપોષણને ઘટાડવું આ સમસ્યાના ઉકેલનો ભાગ હોવો જોઈએ.

# દામનગરનાં ગૌરવસમા પુસ્તકાલયમાં જૈનાચાર્યોની પધરામણી






દામનગર શહેરમાં સાહિત્ય જગતની શાન ગણાતી શ્રી મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાતે જૈન શાસન પ્રભાવક પંડિત રત્ન પૂજ્ય જૈનચાર્યો બોટાદ સંપ્રદાયના પ.પૂજય બા.બ્ર. જયેશચંદ્રજી મુનિ મહારાજ, બા.બ. ઉત્સાહી પૂજય સુપાશ્રયચંદ્રજી, નવ દીક્ષિત બા.બ્ર. પૂજય દેવાચર્યચંદ્રજી મુનિ મહારાજ અને સતી રત્નો પધારતા સંસ્થાના પ્રમુખ હરજીભાઈ નારોલા, મંત્રી નટુભાઈ ભાતિયા, વસંતભાઈ ડોબરીયા, ભરતભાઈ ભટ્ટ, વિનુભાઈ જયપાલ, રાજેશભાઈ કનાડીયા રાજુભાઈ પંડયા સહિતઓ દ્વારા પૂજય સંતવૃંદનું ઉષ્મા ભર્યું સ્વાગત કર્યુ પુસ્તકાલયની વિશેષતા વિભાગો નિહાળી પૂજય સંતો ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી પુસ્તકાલયને જ્ઞાન મંદિર ગણાવ્યું હતું પૂજય સંતો સાથે દશા શ્રી સ્થાનકવાસી જૈનસંઘ સુરેશભાઈ અજમેરા, વીરેન્દ્ર પારેખ, નાથાલાલ અજમેરા, જયેશ અદાણી, કેતનભાઈ ગાંધી, દીલીપભાઈ અજમેરા, જગદીશભાઈ ધોળકિયા, મહેન્દ્રભાઈ ગાંધી, જતીનભાઈ ગાંધી સહિત અનેક જૈન અગ્રણીઓએ પુસ્તકાલયમાં પધારી ખૂબ ખુશી વ્યક્ત કરી હતી પૂજય જયેશચંદ્રજી મુનિ મહારાજે પુસ્તકાલયને જ્ઞાન મંદિર ગણાવતા જણાવ્યું હતું કે પુસ્તકો એટલે તુરંત ઈચ્છિત વરદાન આપતી વ્યવસ્થા જેનું સેવન સાનિધ્ય પામવાથી માનસ તૃપ્ત કરી શકાય છે પૂજય સંતો એ ૧૫૦ વર્ષ જૂની સાહિત્ય સંસ્થા ૩૫૬ દિવસ ખુલતી કોઈ લવાજમ કે શુલ્ક વગર વાંચન સામગ્રી વ્યવસ્થા ગોઠવન જેવી અનેક વિશેષતા ઓ જાણી અચરજ વ્યક્ત કર્યુ હતું.

### સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીયેશન દ્વારા આયોજિત બે દિવસીય ટુર્નામેન્ટમાં

## અમરેલી ડીસ્ટ્રીકટ યુ-૧૪ ક્રિકેટ ટીમે બીજો સૌથી વધુ સ્કોર બનાવી ઈતિહાસ સર્જ્યો

### ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસો.ના ચેરમેન સહિતની ટીમે ખેલાડીઓને બિરદાવ્યા





અમરેલી, તા. ૧૫

અમરેલી તા. ૧૨/૧૨/૨૫નાં રોજ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન તરફથી ચાલતી યુ-૧૪ બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમરેલી ડીસ્ટ્રીકટ યુ-૧૪ ટીમ દ્વારા જુનાગઢ રૂરલ (વેરાવળ) યુ-૧૪ ટીમ સામે પ્રથમ દાવ લેતાં જયદત ઝાલા દ્વારા ૨૩૨ રન અને જયવીર જાદર દ્વાર ૨૨૭ રન બનાવી સૌથી મોટી ભાગીદારી બનાવી અને ૯૦ ઓવરમાં ટીમ દ્વારા ૬ વિકેટ ગુમાવી ટુર્નામેન્ટમાં સેકન્ડ હાઈએસ્ટ ૫૫૧ રન બનાવી ઐતિહાસીક રેકોર્ડ બનાવેલ. ત્યારબાદ જુનાગઢ રૂરલ (વેરાવળ)ની દાવમાં ઉતરેલ ટીમ પ્રથમ દાવમાં ૬૭ ઓવરમાં ૧૯૨ રન બનાવી ઓલ આઉટ થઈ ગયેલ અને અમરેલીની ટીમ દ્વારા ફોલો-ઓન આપતાં જુનાગઢ રૂરલ (વેરાવળ)ની ટીમને બીજા દાવ માટે આમંત્રિત કરતાં ટીમે ૩૪ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૧૫૦ રન બનાવેલ આમ, પ્રથમ દાવમાં અમરેલીની ટીમ દ્વારા બનાવેલ ૫૫૧ રનનો ટારગેટ જુનાગઢ રૂરલ (વેરાવળ) ટીમ દ્વારા ચેઝ ન થતાં અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ યુ-૧૪ ટીમનો ૨૦૯ રનથી ભવ્ય વિજય થયેલ છે. અને આ ઐતિહાસિક સિધ્ધિ મેળવવા બદલ અમરેલી ડીસ્ટ્રીક એસોસીએશનના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, પી.પી. સોજીત્રા, અર્જુનભાઈ સોજીત્રા, દાદાબાપુ ચિસ્તી અને ચેતન રાવળ દ્વારા ટીમનાં કેપ્ટન શ્રેયાંશ સંઘાણી અને તમામ ખેલાડીઓને બિરાદાવ્યાં હતા અને આગળની મેચો માટે હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમ સેક્રેટરી મયુરભાઈ ગોરખીયાની યાદીમાં જણાવેલ છે.

### ૧૬ બેઠક માટે આજે ઉમેદવારી પત્રક રજુ કરવામાં આવ્યા

## રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ચુંટણી જાહેર : આગામી ૨૭ ડિસેમ્બરના રોજ યોજાશે ચુંટણી

### ભારતીય જનતા પાર્ટી દ્વારા મેન્ડેડ રજુ કરવામાં આવ્યા

અમરેલી, તા. ૧૫

રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠક વેપારી વિભાગની ચાર બેઠક અને ખરીદ વેચાણ સંઘની બે બેઠક મળી કુલ ૧૬ બેઠક માટે ચુંટણી જાહેર થઈ છે જેમાં આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન જીગ્નેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ઉમેદવારી પત્રક રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૨૫ જેટલા ઉમેદવારી પત્રક રજુ કરવામાં આવ્યા હતા.આગામી ૧૬ તારીખના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને ૧૭ તારીખના રોજ ફોર્મ પરત ખેંચવાની તારીખ છે.આજ રજુ થયેલા ફોર્મમાં વેપારી પેનલમાં ચાર બેઠક સામે ચાર જ ફોર્મ ભરવામાં આવ્યા છે. જયારે ખરીદ વેચાણ સંઘમાં બે બેઠક સામે બે ફોર્મ રજુ કરવામાં આવ્યા છે. આથી લગભગ આ છ બેઠક બિનહરીફ માનવામાં આવી રહી છે પરંતુ હજી સત્તાવાર કોઈ જાહેરાત કરવામાં આવી નથી.



ધારાસભ્યએ જણાવ્યુ હતું કે ભારતીય જનતા પાર્ટીએ રજુ કરેલા મેન્ડેડ મુજબ આજરોજ ઉમેદવારી પત્રક કરવામાં હાજરી આપી હતી. અને દરેક ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવી હતી. અને આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રે બિનહરીફ થાય તે માટે અમો પ્રયત્ન કરી રહ્યા છીએ.ઉમેદવારી પત્રક ભરવામાં હર્ષુરભાઈ લાખણોત્રા, ચેતનભાઈ શિયાળ, રવુભાઈ ખુમાણ, ધીરૂભાઈ નકુમ, રાજુભાઈ પરસાણા, પીઠાભાઈ નકુમ, મનુભાઈ દાખલા, ભાવેશભાઈ સોલંકી, ભુપેન્દ્રભાઈ અરજણભાઈ વાઘ, વનરાજભાઈ ડાભીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### રાજયમંત્રી કૌશિક વેકરિયાએ કર્યુ ખાતમુહૂર્ત

## નાના ગોખરવાળા ખાતે રૂપિયા ૨૦ લાખનાં ખર્ચે ગ્રામ સચિવાલય બનશે

### યુધ્ધનાં ધોરણે બાંધકામની કામગીરી કરાશે



અમરેલી, તા. ૧૫

સમગ્ર ગુજરાતમાં સતત અને અવિરત વિકાસકાર્યો તે જ ગતિથી આગળ ધપી રહ્યા છે. શહેરથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ થઈ રહ્યો છે. વિકાસની દોડમાં શહેર સાથે ગામડાઓને પણ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આજરોજ અમરેલીના નાના ગોખરવાળા મુકામે અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર ગ્રામ સચિવાલયના નવા મકાનની કામગીરીનું રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું કે, હવે એ સમય નથી કે, વિકાસના કામો કરવા માટે આપણે સતત ધક્કા ખાવા પડે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં દરેક વ્યકિતની રજૂઆતોને ધ્યાનથી સાંભળવામાં આવે છે. અમરેલી જિલ્લામાં વિકાસકામો ઝડપી ગતિએ આગળ ધપી રહ્યા છે. ખેડૂતોને વીજ સંબંધિત સમસ્યાઓ હવે ત્વરિત ઉકેલવામાં આવશે. રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, પીજીવીસીએલ હસ્તકની અમરેલી ગ્રામીણ પેટા વિભાગ કચેરીનું વિભાજન કરીને નવા અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગની રચનાને ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવી છે. હવે ખેડૂતોની વીજ સંબંધિત સમસ્યાઓ પણ ભૂતકાળ બનશે.

નાના ગોખરવાળા મુકામે વિવિધ વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, સભ્યો, ગ્રામ પંચાયત સરપંચ સહિત પંચાયત સભ્યો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : વિદ્યાસભા ખાતે બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે

અમરેલી, તા. ૧૫

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે આગામી તા. ૨૧/૧૨/૨૦૨૫ના રોજ વિદ્યાસભા સ્કૂલ, લાઠી રોડ, આઈ.ટી.આઈની સામે, અમરેલી ખાતે જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પ.પુ. જીજ્ઞેશદાદા ''રાધે રાધે''ની નિશ્રામા

## લાઠી : તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે કવિ સંમેલન અને ભજનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો

### શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી'એ સંગીત રજુ કર્યુ




અમરેલી, તા. ૧૫

લાઠી તાલુકા અમરેલી હાઈવે પરના તથાસ્તુ વિપ્રયાપીઠ ખાતે ભાગવતાચાર્ય પ.પુ. જીજ્ઞેશદાદા 'રાધે રાધે'ની નિશ્રામા પ્રેમ મંદિર સંકુલમા સંત નિવાસ હોલમા કવિ સંમેલન અને ભજનનો વિશિષ્ટ કાર્યક્રમનુ આયોજન તા. ૧૩/૧૨/૨૫ને શનિવાર રાત્રે નવ કલાકે થયુ હતુ. બે સત્રના કાર્યક્રમમા પ્રથમ સત્રમા કવિઓની બેઠકમા શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી' એ 'આંગણે આવે છે શ્યામ' અને 'મને દ્વારકાના રાજ હવે ગમતા નથી' જેવા તેમની પ્રચલીત ગીત રચનાઓ રજુ કરીને શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા હતા. ગુજરાતના પ્રથમ હરોળના કવિ સ્નેહી પરમારે 'સભા પાત્રતા'ની સમગ્ર ગુજરાતમા પ્રસિધ્ધ થયેલી ગઝલ રજુ કરીને ભાવકોને ભાવ વિભોર કર્યા હતા. કવિ હરેશ વડાવીયા એ પણ તેમની રચનાઓ રજુ કરીને પ્રેક્ષકોને ડોલાવ્યા હતા. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ કવિ હરજીવન દાફડાએ તેમની આગવી સ્ટાઈલમા રચનાઓ રજુ કરી હતી જેમા 'હોવ આહીયા તો કેમ ત્યા આવુ,એક ના બે થવાય તેમ નથી' ગઝલ સહીત રચનાઓ રજુ કરી હતી. કવિ સંમેલનનુ સંચાલન કવિ તુષારભાઈ વ્યાસે તેમની આગવી શૈલીમા શેર શાયરી ગઝલ અને મુકતકો સાથે મહેફીલનુ વાતાવરણ સર્જવામા સફળ રહ્યા હતા સાથે તેમની વિનોદ પુર્ણ વાકછટાથી દર્શકો હાસ્યથી હળવા થયા હતા. કાર્યક્રમના બીજા દોરમા ગુજરાતના સુપ્રસિધ્ધ ભજન આરાધક જયદીપ સોની તથા તેમના સંગીત ગ્રુપ દ્વારા ભજન, ગઝલ, સુફી વાણી તેમજ કબીર વાણી અને ક્લાસિકલ ભજનો રજુ કરીને શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતા. કાર્યક્રમના અંતમા પ.પુ. જીજ્ઞેશ દાદાએ આશિર્વચન આપ્યા હતા દરેક કવિઓની રચનાઓને બીરદાવી હતી. ને ભજન આરાધક જયદીપ સોની પર રાજીપો વ્યકત કર્યો હતો. સ્નેહી પરમાર તેમજ હરેશ વડાવીયાએ તેમના કાવ્યસંગ્રહ પુ. જીજ્ઞેશદાદાને ભેટ આપ્યા હતા.કાર્યક્રમનુ સંકલન ભાર્ગવ ભાઈએ કર્યુ હતુ. હેમાંગભાઈ ટાંક સહીત સંસ્થાના સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## દામનગરની 3 સોસાયટીનો નગરપાલિકામાં સમાવેશ કરાયો

### નળ, ગટર, પાણી અને સ્ટ્રીટલાઇટની સુવિધાઓ મળશે



લાઠી, તા. ૧૫

લાઠી, બાબરા, દામનગરના ધારાસભ્ય જનક તળાવીયા પોતાના મત વિસ્તારોમાં હંમેશા કાર્યદક્ષતાથી કામગીરીઓ કરીને જનતાના જન પ્રતિનિધિ તરીકે ઉભરી આવ્યા છે ને દામનગરની અક્ષર સોસાયટી, જે.ડી. પાર્ક સોસાયટી અને અમી પાર્ક સોસાયટી નગરપાલિકાના વિસ્તારમાં આવતી ન હોવાથી વિકાસનો સ્વાદ આ ત્રણેય સોસાયટી સુધી પહોંચેલ ન હતો આ અંગે ધારાસભ્ય જનક તળાવીયાને આ સોસાયટીના અગ્રણીઓએ રજૂઆત કરતા જાત નિરીક્ષણ કરીને આ ત્રણેય સોસાયટીઓનો દામનગર નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવતી અડચણોને દૂર કરીને દામનગર પાલિકામાં આ ત્રણેય સોસાયટીઓનો સમાવેશ કરીને પાલિકાની પ્રાથમિક જરૂરિયાત મુજબ નળ ગટર પાણી અને સ્ટ્રીટ લાઈટ સાથે રોડ રસ્તાની અધતન સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા કરેલા પ્રયત્નો સરકારમાંથી સાકાર કરીને ધારાસભ્યએ આ ત્રણેય સોસાયટીની પીડાઓનો અંત લાવ્યા હતા ને પાલિકામાં સમાવેશ કરીને ત્રણેય સોસાયટીઓને પાલિકાની સુવિધાઓ મળી રહી તેવા હેતુ સાર્થક કરતા સોસાયટીના રહીશોએ ધારાસભ્ય જનક તળાવીયાને અંતરના આશીર્વાદ આપ્યા હતા

# અમરેલી ખાતે પોષણયુકત ખોરાક અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો






વિશ્વલેવલે ક્લાઈમેન્ટ ચેન્જની અસર ઘટાડવાના પગલાંના ભાગ રૂપે અમરેલી નગરપાલિકા દ્વારા મિશન લાઈફ મારફત અમરેલી નગરપાલિકા કચેરી ખાતે આપણી જીવનશૈલીની પરંપરા મુજબ પોષણયુકત ખોરાક વિશે શહેરીજનોમાં જાગૃતિ અર્થે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ મેં. કલેક્ટર, એસ.પી. દૂદખિયા નોડલ અધિકારી તેમજ અમરેલી નગર પાલિકાના ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડના નેજા હેઠળ એન.યુ.એલ.એમ યોજનાના ગુજરાત સ્વ સહાય જૂથના ગાયત્રીબેન તુષારભાઈ ત્રિવેદી અને દિવ્યાબેન જગદીશભાઈ વર્ણાગર દ્વારા મિલેટ કુકિંગ જેમાં જવ, બાજરો, જુવાર જેવા પરંપરાગત તેમજ પોષણ યુકત ખોરાક વિશે શહેરીજનોને સમજ આપવામાં આવેલ હતી. આજના કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી સદસ્ય ચિરાગભાઈ ત્રિવેદી, હરેશભાઈ ચાવડા, પ્રવિણભાઈ બારૈયા, એન.યુ.એલ.એમ અને એસ.બી.એમ તેમજ નગરપાલિકા કર્મચારીગણ ઉપસ્થિત રહેલા હતા.

# ઈફ્કો–નાનો વેન્શન્સની અદ્યતન સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓની દિલીપ સંઘાણીએ સમીક્ષા કરી







ગુજકોમાસોલ, ઈફકો તથા ઈફકો એનએસયુઆઈના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે ઈફકો–નાનોવેન્શન્સના કોઈમ્બતૂર સ્થિત ઉત્પાદન તથા સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી અને નાનોવેન્શન્સ પરિવાર, વૈજ્ઞાનિકો તથા અધિકારીઓ સાથે સંવાદ કર્યો. સંઘાણીએ નાનોવેન્શન્સ ઉત્પાદન–સહ–સંશોધન કેન્દ્રનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું તથા ઈફકો–નાનોવેન્શન્સની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. મુલાકાત દરમિયાન સંઘાણીએ અદ્યતન પ્રયોગશાળાનું અવલોકન કર્યું અને વૈજ્ઞાનિકો તથા સંશોધન ટીમો સાથે વિગતવાર ચર્ચા કરીને સંશોધન અને વિકાસ (R&D) સંબંધિત મુખ્ય પ્રવૃત્તિઓ પર વિચારવિમર્શ કર્યો. કેન્દ્રમાં જોવા મળતી સમર્પણભાવના, નવીનતા અને વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે આવા સંશોધન પ્રયાસો દીર્ઘકાળીન કૃષિ ભવિષ્યને આકાર આપવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખેડૂતો, અધિકારીઓ અને વૈજ્ઞાનિકોને સંબોધતાં દિલીપ સંઘાણીએ પ્રધાનમંત્ર નરેન્દ્ર મોદી અને ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહના ''સહકારથી સમૃદ્ધિ''ના વિઝન અને મિશન પર વિશેષ ભાર મૂકયો. તેમણે ખેડૂતોને અપીલ કરી કે ઈફકો નેનો ખાતર, ધરામૃત ગોલ્ડ અને કુદરતી ખેતી જેવા વિકલ્પો અપનાવે, જેથી દીર્ઘકાળીન માટી સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ કૃષિ વિકાસ સુનિશ્ચિત થઈ શકે. સંઘાણીએ ઈફકો અને નાનોવેન્શન્સના અધિકારીઓને સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા સૂચન કર્યું, જેથી ઉચ્ચ ગુણવત્તાવાળા, પોષક તત્વ કાર્યક્ષમ ઉત્પાદનો અને શ્રેષ્ઠ સેવાઓ દ્વારા ખેડૂતોને વધુ લાભ મળી શકે. તેમણે જણાવ્યું કે સતત નવીનતા અને મજબૂત સહકારી પ્રયાસો જ પાક ઉત્પાદકતા વધારવા, ખેડૂતોની આવકમાં વધારો કરવા અને તેમની સર્વાંગી સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની ચાવી છે. આ પ્રસંગે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે. જે. પટેલ, ડિરેક્ટર (CRS) બિરિંદર સિંહ, ઈફકો– નાનોવેન્શન્સના મેનેજિંગ ડિરેક્ટર અરૂણાચલમ લક્ષ્મણ, ઈફકો નાનોવેન્શન્સના ડિરેક્ટરો, ઈફકો કાલોલ નાનો પ્લાન્ટના વડા પી. કે. સિંહ તમામ રાજય માર્કેટિંગ પ્રમુખો તથા ઈફકોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા. આ મુલાકાત સહકારી નવીનતા, ખેડૂત–કેન્દ્રિત સંશોધન અને ટકાઉ તથા સમૃદ્ધ કૃષિના રાષ્ટ્રીય વિઝન પ્રત્યે ઈફકોની દ્રઢ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરામાં અવાર–નવાર વીજળી ગુલ

વર્ષથી વધુ સમય ગાળામાં ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે.ગુરૂવારે, શુક્રવારે, શનિવારે રવિવારે અઠવાડિયામાં ગમે તે વારે લાઈટ કાપ કરી અને શહેરીજોનોને ખોટી રીતે હેરાનગતિ કરતા હોવાની ચર્ચા એ પણ જોર પકડયું છે ત્યારે પીજીવીસીએલમાં બે વર્ષ પહેલા ડેપ્યુટી એન્જિનિયર વિરડીયા હતા ત્યારે બગસરામાં લાઈટોનો કાપ એટલો બધો હતો નહીં છેલ્લા અઠવાડિયામાં લાઈટના હાલતા ઝટકા લાઈટ કાપ કરવી જેથી વેપારીઓને લાઈટ કાપ થતા દરજીકામ આરી ભરતકામ ઉપરાંત અનેક લાઈટને લગતા ધંધાને વસ્તુ અને કપડાઓ સીવીને ગ્રાહકોને આપવાના હોય ત્યારે પૂરતું કામ ન થવાથી ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે ધંધા રોજગાર માટે ઉદ્યોગ નથી ત્યારે લાઈટ ઉપર જીવતા નાના માણસો પોતાનું ગુજરાન ચલાવી પેટીયુ રળતા હોય સંસ્થાઓ દ્વારા પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર મહિડાને અનેકવાર સંસ્થા દ્વારા રજૂઆતો કરેલ છતાં કોઈપણ જાતનું પરિણામ આવેલ નથી તાજેતરમાં જ ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા આગમનના આગલા દિવસે જ આ પીજીવીસીએલ દ્વારા ૮ કલાક લાઈટ કાપી મિનિસ્ટરને પડકાર ફેંકયો કારણ કે પીજીવીસીએલના અધિકારીને બગસરામાં ન રહેવું હોય ને બદલી કરવી હોય તો બગસરા વાસીઓ તેમાં શું કરી શકે તે તો સરકારનો પ્રશ્ન છે બદલી કરવી કે ના કરવી આ બાબતે લાઈટ કપ બંધ નહીં થાય તો ના છૂટકે ટૂંક સમયમાં જ ગાંધી આ માર્ગે જવું પડશે જેથી લોકોને પડતી મુશ્કેલી દૂર થાય ખેડૂતોમાં પણ લાઈટ કાપના લીધે ભારે નારાજગી જોવા મળી છે આ બાબતે લઈને બગસરાના વેપારીઓ તથા સંસ્થાઓ દ્વારા ભારે નારાજગી જોવા મળી છે.

સંકુલ KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
નવા પ્રવેશ
માર્ચ ૨૦૨૬ થી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થાપક:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા
શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૨૨૨૨૧ થી ૨૬ -Ad 157

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૦૨ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૫૭ | ૧૦૭૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૪ | શિંગ મોટી | ૮૭૦ | ૧૪૦૫ |
| ૫ | શિંગદાણા | ૧૦૩૫ | ૧૩૫૬ |
| ૬ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૪૯૯ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૫૧૪૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૯ | જુવાર | ૬૬૫ | ૧૦૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૬ | ણ૩૧ |
| ૧૨ | અડદ | ૬૮૦ | ૧૧૫૧ |
| ૧૩ | ચણા | ૭૮૦ | ૧૧૪૦ |
| ૧૪ | સફેદ ચણા | ૭૦૦ | ૧૦૭૦ |
| ૧૫ | છોલે ચણા | ૯૦૦ | ૧૧૧૨ |
| ૧૬ | તુવેર | ૮૦૫ | ૧૩૮૬ |
| ૧૭ | કપાસ | ૭૪૦ | ૧૫૮૦ |
| ૧૮ | એરંડા | ૧૦૩૫ | ૧૩૧૮ |
| ૧૯ | જીરૂ | ૨૬૫૦ | ૩૬૩૦ |
| ૨૦ | ધાણા | ૧૩૦૦ | ૧૭૩૦ |
| ૨૧ | અજમા | ૧૬૩૦ | ૨૫૦૦ |
| ૨૨ | મેથી | ૮૦૦ | ૧૦૨૪ |
| ૨૩ | સોયાબીન | ૬૦૦ | ૮૫૦ |
| ૨૪ | રજકાનું બી | ૪૪૦૦ | ૮૪૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૬૦૦ | ૩૪૧૦ |
| ૨૬ | કાંગ | ૩૩૧ | ૫૫૦ |

## સાવરકુંડલા ખાતે કોમોડિટી માર્કેટ પર સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૧૫

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ,સાવરકુંડલા દ્વારા આજરોજ તા. ૧૫ ડીસે–૨૫ સોમવારે કોમર્સ તેમજ આર્ટસના વિદ્યાર્થીઓ માટે 'કોમોડિટી માર્કેટ' પર એક ખૂબ જ રસપ્રદ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઈન્ડિયાના ટ્રેનિંગ વિભાગના મેનેજર અને જાણીતા કોલમીસ્ટ 'નૈમિષભાઈ ત્રિવેદી' હાજર રહ્યા હતા. નૈમિષભાઈ ત્રિવેદીએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી મલ્ટી કોમોડિટી એક્સચેન્જ અને તેમાં કઈ રીતે વ્યાપાર કરવો, કઈ કઈ બાબતોનું પ્રયાન રાખવું વગેરે વિશે વિસ્તૃત છણાવટ કરી હતી અને કોલેજના વિદ્યાર્થીઓને માહિતીસભર માર્ગદર્શન પૂરૂ પાડ્યું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના જીગ્નેશભાઈ મહેતાએ ટેકનિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન પ્રો. ડો. કલ્પેશ રાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૫ | ૧૫૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧ઢ૫૦ | ૧૩૮૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૭૬ |
| ૪ | તલ કાળા | ૩૦૪૦ | ૪૩૫૬ |
| ૫ | જીરૂ | ૨૮૫૦ | ૩૯૫૦ |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૦ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૫૯૦ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૮૫૦ |
| ૧૧ | અજમા | ૯૦૦ | ૧૦૧૦ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૮ | ૧૫૧૯ |
| ૨ | મગફળી | ૧૦૦૨ | ૧૨૮૦ |
| ૩ | જુવાર સફેદ | ૧૦૩૨ | ૧૦૩૨ |
| ૪ | અડદ | ૭૫૨ | ૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૪૭૨ |
| ૨ | કપાસ કોડી | ૧૦૫૧ | ૧૧૭૬ |
| ૩ | મગફળી | ૯૫૨ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં | ૫૧૧ | ૫૧૮ |
| ૫ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૬ | ધાણા | ૧૫૩૦ | ૧૫૫૫ |
| ૭ | મેથી | ૬૮૦ | ૬૮૦ |
| ૮ | તલ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | શીંગદાણા | ૧૨૩૦ | ૧૨૫૫ |
| ૧૦ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૭ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૨૦ |
| ૩ | મગફળી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૦૭૦ |
| ૫ | તલ કાળા | ૩૩૧૦ | ૪૬૮૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૧૦ |
| ૭ | ઘઉં | ૪૬૯ | ૫૫૧ |
| ૮ | ચણા | ૯૩૦ | ૧૦૮૦ |
| ૯ | અડદ | ૯૪૦ | ૧૨૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૨ |
| ૪ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૫ | ચણા | ૬૦૦ | ૧૦૨૧ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૮૦૦ |
| ૭ | તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | હડદ | ૭૦૦ | ૧૦૩૫ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૬૫૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૭૦ |
| ૧૧ | મગફળી | ૮૬૫ | ૧૧૭૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૬૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૨૫૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં બસપોર્ટમાં પૂનઃ કેન્ટીન બંધ

આવ્યા હતા. જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૧ અને ૧૨ ની આસપાસના વિસ્તારમાં લોકલ રૂટ હોવાના કારણે એસ.ટી. કેન્ટીનને આવક થતી નથી. જેથી સતત બીજી વખત અમરેલીના બસપોર્ટમાં આવેલ એસ.ટી. કેન્ટીનને તાળા લાગી ગયા છે.

અમરેલીમાં આવેલ બસપોર્ટમાં આધુનિક એરપોર્ટ જેવી આધુનિક સુવિધા સાથે કરોડો રૂપિયાના ખર્ચે નવા બસપોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેટલાય વર્ષોથી અમરેલીમાં જે તે નંબરના પ્લેટફોર્મ પરથી નિર્ધારિત રૂટની બસો ઉપડતી હતી.

પરંતુ અમરેલીના બસપોર્ટમાં આંતરિક રાજકારણના કારણે કહેવાતી ઉપરથી આવેલી સૂચના મુજબ અચાનક જ પ્લેટફોર્મ નંબરમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને ૧૦ નંબર પરથી રાજકોટ, જામનગર તથા ૧૧ નંબર પરથી વર્ષોથી સાવરકુંડલા તરફના રૂટની બસો ઉપડતી હતી તેને ૫ નંબર પર ફેરવી નાખવાંમાં આવી હતી.

આ પછી બસ પોર્ટના સંચાલક દ્વારા વિરોધ થતા ફરીથી પ્લેટફોર્મ અગાઉ હતાં તે રીતે પૂર્વવત કરાયા હતા. આ પછી રાજકીય રીતે ચોક્કસ લોકોને આર્થિક ફાયદો થાય તે માટે ફરીથી પ્લેટફોર્મ બદલી દેવામાં આવ્યા હતા.

પ્લેટફોર્મ ૧ તરફની સાઈડમાં ૧ થી ૫ સુધીમાં બધા મહત્વના બસ રૂટ છે અને પ્લેટફોર્મ ૧૦, ૧૧, ૧૨ તરફ માત્ર ગામડાના રૂટની બસ ઉપડે છે એટલે ત્યાં ટ્રાફિક થતો નથી અને બીજી તરફ ભરપૂર ટ્રાફિક થાય છે. એટલે એ તરફની દુકાનો સામે આ તરફ દુકાનોમાં ભાડાની રકમ પણ માંડ નીકળતી હોવાથી સતત બીજી વખત બસ પોર્ટમાં રહેલ એસ.ટી. કેન્ટીન બંધ થઈ ગઈ છે. આમ છતાં પ્લેટફોર્મ બદલીને પૂર્વવત થતા નથી.

આ મુદ્દે પીપીપી ધોરણે અમરેલી બસ પોર્ટનું સંચાલન કરનાર સંસ્થા દ્વારા વિભાગીય નિયામકને પત્ર પાઠવીને રજૂઆત પણ કરવામાં આવી હતી કે, પ્લેટફોર્મ બદલવાના કારણે કેન્ટીનમાં આવક ઘટતા તે ભાડે રાખવા તૈયાર ન હોવાથી ભાડું બંધ થવાના કારણે બસ પોર્ટના સંચાલનનો ખર્ચ કાઢવો મુશ્કેલ બની રહ્યો છે. છતાં પણ હજુ પ્લેટફોર્મ પૂર્વવત થતા નથી.

અમરેલીમાં કરોડો રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધા સાથેના બસપોર્ટનું નિર્માણ કરાયું છે. તેમાં એરપોર્ટ જેવી સુવિધા આપવાના દાવા વચ્ચે મુસાફરો માટે કેન્ટીનમાં ભોજનની સુવિધા હતી તે પણ બંધ થઈગઈ છે. છતાં પણ જાહેરહિતમાં પ્લેટફોર્મ પૂર્વવત કરવામાં આવતા નથી.

## અવસાન નોંધ

**ચિત્તલ :** ચિત્તલ નિવાસી ચાતુર્વેદી મચ્છુ કાઠીયા મોઢ બ્રાહ્મણ નરેન્દ્રભાઈ જયંતીલાલ પંડયાના ધર્મપત્નિ તથા ભગીરથભાઈ (શ્યામ મારબલ) અને રાકેશભાઈ (જીલ્લા મ.સ. બેંક)નાં માતૃશ્રી સ્વ. કલાબેન નરેન્દ્રભાઈ પંડયા (ઉ.વ. ૬૬) ભુતપૂર્વ અમરેલી જીલ્લા પંચાયત સદસ્યનું તા. ૧૪/૧૨/૨૦૨૫ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૮/૧૨/૨૫ને ગુરૂવારનાં રોજ બપોરનાં ૨ : ૦૦ થી ૬ : ૦૦ સુધી તેમનાં નિવાસસ્થાન હાઈસ્કુલ પાસે, બાબરા રોડ ચિત્તલ મુકામે રાખેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૫ | ૧૩૬૬ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૮ | ૨૦૮૧ |
| ૩ | તલ કાળા | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૪ | તલ પીળા | ૨૦૭૦ | ૨૦૭૦ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ૬ | બાજરો | ૩૭૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૪૭ |
| ૮ | જુવાર | ૯૪૧ | ૧૦૬૦ |
| ૯ | મગ | ૬૫૦ | ૨૨૦૦ |
| ૧૦ | અડદ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૧ | ચણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૬૬ | ૮૦૦ |

# ધારી ખાતે એસપી સંજય ખરાતની ઉપસ્થિતિમાં સીસીટીવી કેમેરા લગાવનાર સરપંચોનુ સન્માન






અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના અધ્યક્ષસ્થાને ધારી તાલુકાના સરપંચો તથા ગ્રામ પંચાયતના પદાધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. બેઠકનો મુખ્ય હેતુ ગામડાઓમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સીસીટીવી કેમેરા લગાવવાની બાબતે વિસ્તૃત સંવાદ કરવાનો હતો. બેઠક દરમિયાન પોલીસ અધિક્ષકએ ગ્રામ્ય વિસ્તારોમાં વધતા ગુનાખોરીના બનાવોને અટકાવવા તેમજ શાંતિ અને સલામતી જાળવવા માટે સીસીટીવી કેમેરાની મહત્વતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે ગામના પ્રવેશદ્વાર, મુખ્ય ચોક, શાળા, મંદિર, બજાર વિસ્તાર અને સંવેદનશીલ સ્થળોએ કેમેરા ગોઠવવામાં આવે તો ગુનાઓને અટકાવવામાં અને તપાસમાં મોટી મદદ મળે છે. આ પ્રસંગે જે ગામોના સરપંચોએ પહેલેથી જ પોતાના ગામમાં સીસીટીવી કેમેરા સ્થાપિત કર્યા છે, તેવા સરપંચોને પોલીસ પ્રશાસન તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન દ્વારા અન્ય ગામોના સરપંચોને પણ પ્રેરણા મળે તેવો હેતુ રાખવામાં આવ્યો હતો. બેઠકમાં હાજર સરપંચો અને પદાધિકારીઓએ પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યા હતા તેમજ ગામની સુરક્ષા માટે પોલીસ સાથે સહકાર આપવાની ખાતરી આપી હતી. અંતમાં પોલીસ અધિક્ષકએ ગામડાઓને સુરક્ષિત અને નિર્ભય બનાવવા સૌની સંયુકત જવાબદારી હોવાનું જણાવ્યું હતું.

# શીતલ આઈસ્ક્રીમ : અમરેલીમાં એક દુકાનથી શરૂ કરીને નિકાસકર્તા કંપની બની







૧૯૮૭માં અમરેલી શહેરના એક નાનકડા શોપથી શરૂ થયેલી શીતલ ફૂડ પ્રોડક્શન લિમિટેડ આજે વિના ૧૫ દેશોમાં પોતાના ગુણવત્તાયુકત પ્રોડક્ટ નિકાસ કરતી આગવી અને પ્રતિષ્ઠિત કંપની બની ચૂકી છે. દિનેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ કંપની આજે ૩૫૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી અમરેલી જિલ્લાના પ્રથમ નંબરની કંપની તરીકે ઓળખાય છે. એક સામાન્ય દુકાનથી શરૂ થયેલું આ બ્રાન્ડ આજે વૈકિ બજારમાં ‘ટ્રસ્ટ’ અને ‘ક્વોલિટી’નું પ્રતિક બની ગયું છે. કંપનીના ઓપરેશન હેડ હાર્દિક ભુવા જણાવે છે કે શીતલ આજે પલ્સ, ડેરી અને ફૂડ પ્રોડક્ટ સહિત ૯૦૦ થી વધુ પ્રોડક્ટનું ઉત્પાદન કરે છે. દેશના ૬ રાજયો ઉત્તર પ્રદેશ, મપ્રય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, પંજાબ અને જમ્મુમાં વિવિધ પ્રોડક્ટની વેચાણ વ્યવસ્થા છે. રાજય અને રાષ્ટ્રીય બજાર સાથેસાથે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ શીતલની હાજરી ખૂબ મજબૂત છે. શીતલના પ્રોડક્ટની નિકાસ નેપાળ, ભૂટાન, સિંગાપુર, હોંગકોંગ, ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ સ્ટેટ્સ (યુ.એસ.), યુએઈ અને કોંગો જેવા દેશોમાં મોટા પાયે કરવામાં આવે છે. દરેક દેશના ફૂડ સેફટીના પોતાના નિયમો અને સ્ટાન્ડર્ડ હોય છે, જેને પ્રયાનમાં રાખીને શીતલ પોતાની ઉત્પાદન પ્રક્રિયા તૈયાર કરે છે. વિદેશી ટીમો નિયમિત પ્લાન્ટની મુલાકાત લઈ પ્રક્રિયા અને ગુણવત્તાનું નિરીક્ષણ કરે છે. કડક નિયમોને અનુસરનાર કંપની તરીકે શીતલને વિશ્વનું સર્વોચ્ચ એક્સપોર્ટ સર્ટિફિકેશન BRC Certificate પ્રાપ્ત થયું છે. જયારે ડેરી અને ડેરી પ્રોડક્ટના નિકાસ માટે ભારત સરકાર દ્વારા EIA Certificate પણ એનાયત કરવામાં આવ્યું છે. રોજગારનું મોટું કેન્દ્ર ૭૦% મહિલા કર્મચારીઓ કંપનીમાં રોજબરોજ ૨૦૦૦ જેટલા લોકો રોજગાર મેળવે છે, જેમાંથી લગભગ ૭૦ ટકા મહિલા કર્મચારીઓ છે. વિવિધ વિભાગોમાં મહિલાઓ સક્રિય ભૂમિકા નિભાવે છે, જે કંપનીના વિકાસ સાથે મહિલા સશકિતકરણનું પણ ઉત્તમ ઉદાહરણ છે. ઉત્પાદન, પેકેજિંગ, ક્વોલિટી ચેકથી લઈને મેનેજમેન્ટના વિવિધ સ્તરે મહિલાઓ પોતાનું યોગદાન આપે છે. ઉત્પાદન ક્ષમતા પ્રગતિનો મજબૂત આધાર શીતલના પ્લાન્ટની ક્ષમતા રોજના ૨ લાખ લીટર આઈસ્ક્રીમ ઉત્પાદન, ૫૦ હજાર લીટર મિલ્ક પાઉચ ફીલિંગ અને ૫ ટન પનીર બનાવવાની છે. આ જ મજબૂત ઉત્પાદન ક્ષમતા કંપનીને ભારત અને વિદેશના મોટા બજારોમાં પ્રોડક્ટ સપ્લાય કરવામાં સક્ષમ બનાવે છે. વિદેશમાં મોકલાતા દરેક કન્ટેનરમાં ૨૦ થી ૨૫ ટન સુધીનો માલ ભરવામાં આવે છે. દેશ–વિદેશના ડિસ્ટ્રિબ્યુટર મારફતે પ્રોડક્ટ મોલ અને લોકલ શોપ સુધી પહોંચાડવામાં આવે છે. વિદેશી બજારમાં ભારતીય સ્વાદની માંગ સતત વધી રહી છે, જેમાં ખાસ કરીને નાન અને પનીરની સૌથી વધુ માંગ રહે છે. આ માંગને ધ્યાનમાં રાખીને કંપની ઉચ્ચ ગુણવત્તા સાથે ઉત્પાદન અને સપ્લાય કરે છે. એક દુકાનથી વૈશ્વિક ઓળખ શીતલની સફર ૧૯૮૭માં અમરેલીના એક નાના શોપથી શરૂ થયેલ શીતલ આજે વટવૃક્ષ બની ગયું છે. ગુણવત્તા, નિયમિતતા અને વૈકિ ધોરણોનું પાલન આ ત્રણ સ્તંભોએ શીતલને વિ બજારમાં પહોંચાડ્યું છે. દિનેશભાઈ ભુવાના વિઝન અને ટીમની મહેનતે શીતલ આજે માત્ર અમરેલીનું નહીં પરંતુ ગુજરાત અને ભારતમાં ગૌરવ બનેલું બ્રાન્ડ છે. શીતલની સફળતા સાબિત કરે છે કે સંકલ્પ, ગુણવત્તા અને મહેનત હોય તો નાનકડી શરૂઆત પણ વિના નકશા પર સ્થાન બનાવી શકે છે.

### રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં હસ્તે

## સોનારીયા ગામે ૩૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય સેન્ટરનુ લોકાર્પણ

### શહેરની સાથે ગ્રામ્ય કક્ષાએ વિકાસ કાર્યોનો ધમધમાટ



અમરેલી, તા. ૧૫

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ અમરેલી તાલુકાના સોનારીયા મુકામે નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટરનું રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે રાજયમંત્રીએ અંદાજે રૂ. ૪ લાખના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગ્રામ્યકક્ષાએ અંદાજે રૂ. ૩૦ લાખના ખર્ચે નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટર થકી લોકોની જનસુવિધાઓ વધશે સાથે આરોગ્ય સુવિધાઓ સહિતની સગવડતાઓ ઘરઆંગણે ત્વરિત મળતી થશે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં શહેરી અને ગ્રામ્યકક્ષાએ સતત અને અવિરત વિકાસકાર્યો શરૂ છે. વિકાસના દરેક કામ ગુણવત્તાલક્ષી ધોરણે કરવામાં આવે તે અમારી પ્રાથમિકતા છે. જનસામાન્યને પણ મોટી બીમારી સમયે મદદ મળે તે માટે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ આયુષ્માન કાર્ડ મારફત રૂ. ૧૦ લાખની સહાય પુરી પાડવામાં આવે છે. રાજયમંત્રીએ દરેક ગ્રામજનોને આયુષ્માન કાર્ડ કઢાવવા માટે અનુરોધ કર્યો હતો.

સોનારીયા મુકામે વિવિધ વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ બગડા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, સભ્યઓ, ગ્રામ પંચાયત સરપંચ જીલુભાઈ ધાંધલ સહિત પંચાયત સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં તા.૧૭ ડિસેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર વિવિધ એકમો માટે મશીન ઓપરેટર, એસેમ્બલી ઓપરેટર, ઓફિસ વર્ક, મહિલા બીમા સખી, વીમા એજન્ટની જગ્યા માટે ૧૮થી ૪૦ વર્ષની વય મર્યાદા તથા ધો. ૧૦ થી ઓછું તેમજ ધો. ૧૦ પાસ, ધો. ૧૨ પાસ, ગ્રેજયુએટની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે.

આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકો માટે જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન પહેલા માળે, અમરેલી ખાતે તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર lonig કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## સાવરકુંડલા : મમતાઘરનાં સ્થાપકનાં જન્મદિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા શહેરમાં આવેલ સદગુરૂ સેવા ટ્રસ્ટ સંચાલિત મમતાઘરના સ્થાપક મંજુલાબેન દુધરેજીયાના જન્મદિવસની આજરોજ અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ સંદર્ભે તેમના જન્મદિવસ નિમિત્તે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભ કાળે મહામંડલેર જશુબાપુ (હીપાવડલી વાળા) ના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવેલ. આ કેમ્પના પ્રારંભમાં બાળકોના સાંસ્કૃતિક પ્રોગ્રામના ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું અને બાળકોને ટી શર્ટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઘનશ્યામબાપુ, વાસુદેવભાઈ સોઢા, અમિતગીરી ગોસ્વામી, જાનીભાઈ, નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ ગેડીયાભાઈ, દેસાઈભાઈ, વિનુભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પમાં ડો અભિજિત જેબલિયા, ડો. અનિતાબેન, ડો. હેત્વીબેન તથા ડો. અંગ્રેજ વગેરેએ ઉપસ્થિત રહીને ઉપસ્થિત તમામ બાળકોની મેડિકલ તપાસ કરેલ અને દુષ્યંતભાઈ દ્વારા બાળકોને ફ્રીમાં દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું મનીષભાઈ વિંઝુડા દ્વારા મમતાઘરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધીરભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગ્યે સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા મમતાઘરની મુલાકાત લેવામાં આવી અને મમતાઘરની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી હતી.

## સાવરકુંડલા ખાતે કોમોડિટી માર્કેટ પર સેમિનાર યોજાયો




દામનગર, તા. ૧૫

લાઠી ખાતે મધ્યાહન ભોજન યોજના અંતર્ગત રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, મામલતદાર, નાયબ મામલતદાર, સીડીપીઓ, મુખ્ય સેવિકા તથા મધ્યાહન ભોજન સુપરવાઈઝર વગેરે હાજર રહયા હતા મધ્યાહન ભોજન સંચાલકોએ ઉત્સાહભેર વાનગી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### શહેરીજનોના પરસેવાનાં પૈસાનો વ્યાપક દુરૂપયોગ

## સાવરકુંડલા પાલિકામાં અનેક રોજમદાર કર્મચારી માત્ર પગાર લેતાં હોવાની ફરિયાદ

### ચીફ ઓફીસરે સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કરતા ફફડાટ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા નગર પાલિકામા હાલમાં રોજમદાર કર્મચારીઓનો મુદ્દો હોટ ટોપિક છે. સાંપ્રત ચીફ ઓફિસરની બાજનઝરે અનેક રોજમદાર કર્મચારીઓના ઢેબરાં અભડાવી દીધા છે. વાત જાણે એમ છે કે વર્તમાન સમયમાં ફરજ પર નિયુક્ત ચીફ ઓફિસર દ્વારા નગર પાલિકાના તમામ ડિપાર્ટમેન્ટની સરપ્રાઈઝ વિઝીટ કરી અને કામ કરતાં તમામ કર્મચારીઓની ઝીણવટ ભરી તપાસ આરંભતા નગર પાલિકાના ઘણા વિભાગોમાં રોજમદાર કર્મચારીઓની અનિયમિતતા અને ગેરહાજરી ધ્યાને ચડતાં આવા કર્મચારીઓને છૂટા કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આવી પરિસ્થિતિ ઘણા સમયથી હોય એવું લોકોમાં ચર્ચાય રહ્યુ છે. આવી અક્ષમ્ય બેદરકારી કેમ અત્યાર સુધી ચલાવી લેવામાં આવી? એ પણ આશ્ચર્યનો વિષય છે.!! આવા રોજમદારોના નામો મસ્ટર રોલ પર હોય તો તેના કારણે નગરપાલિકાને દર મહિને લાખો રૂપિયાનું મોટું નુકસાન પહોંચતું હોવું જોઈએ. હાલનું ‘ફાયર ફાઈટીગ’ ઓપરેશનના ભાગરૂપે અંદાજે પચ્ચાસ થી વધારે નામોની હકાલપટ્ટી કરવામાં આવી છે. એવા સમાચારો જાણવા મળે છે ત્યારે આવા નામો રદ કરવાના આ નિર્ણયથી પાલિકાના લાખો રૂપિયાનો બચાવ ચોક્કસ થયો છે, પરંતુ પ્રશ્ન એ છે કે આવી બેદરકારી માટે કોની જવાબદારી ફિક્સ થશે? નગરના જાગૃત નાગરિકોની માંગ છે કે નગરપાલિકા બાકી રહેલી આવી અનિયમિતતાની સઘન ઊંડી અને તલસ્પર્શી તપાસ થાય અને આવી અનિયમિતતા સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જરૂરી છે. હવે બુધ્ધિજીવોમાં ચર્ચા એ વાતની છે કે શું નામ ખાલી પગાર લેવા માટે જ ચલાવવામાં આવતા હતા ? અને જો એવું હોય તો આ કરોડો રૂપિયાનો પગારનો બોજ જનતાના પૈસાની તિજોરી ખંખેરવામાં જવાબદાર કોણ?

કે તંત્ર ખાલી નામ કાઢીને સંતોષ માની લેશે કે આ પગાર સ્વરૂપી ભ્રષ્ટાચાર વિરૂધ્ધ કોઈ ઠોસ કાર્યવાહી પણ થશે?

## શાખાનાં પુષ્પો

રજૂઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

કાંકોરી ટ્રેનમાં ધાડ અને ક્રાંતિકારી પ્રવૃત્તિના કારણે ક્રાંતિકારી દળના નેતા રામપ્રસાદ બિસ્મિલને ફાંસીની સજા આપવામાં આવી. જે દિવસે તેને ફાંસી આપવાની હતી એ દિવસે જેલર તેને લેવા માટે તેની કોટડીમાં ગયો. એ સમયે રામપ્રસાદ બિસ્મિલ કસરત કરી રહ્યા હતા.આ જોઈ જેલરને આશ્વર્ય થયું અને કહ્યું કે, ‘શું આપને ખબર નથી થોડીવારમાં જ આપને ફાંસી થવાની છે ? તો હવે કસરત કરવાનો શું ફાયદો ? જેલરની વાત સાંભળી રામપ્રસાદ બિસ્મિલે તેને કહ્યું, ‘મને ખ્યાલ છે પરંતુ હું અત્યારે કસરત એટલા માટે કરૂં છું કારણ કે આવતા જન્મમાં શરીરને મજબૂત કરવા એટલી મહેનત ઓછી કરવી પડશે અને આ બચેલા સમયનો ઉપયોગ દેશની સ્વતંત્રતા માટે વધુ થઈ શકશે.રામપ્રસાદની વાત અને તેનો બુલંદ ઈરાદો જોઈ જેલર સ્તબ્ધ થઈ ગયો.

**સોડમ :** આવા કેટલાય વીરોના બલિદાનનો અને દ્રઢ વિશ્વાસે દેશને સ્વતંત્રતા અપાવી છે.

# સાવરકુંડલા : વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર યોજાશે






સાવરકુંડલા શહેરમાં આવેલ રામજી અમરશી સેનિટોરિયમ ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન, સાવરકુંડલાના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર તારીખ ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભવ્ય રીતે યોજાનાર છે. સાહિત્ય, સંગીત અને કળાની સમૃદ્ધ પરંપરાથી સુશોભિત સાવરકુંડલા શહેર કાઠિયાવાડી આત્મીય સ્વાગત પરંપરા, જોગીદાસબાપુ ખુમાણની વિરાસત, લલ્લુભાઈ શેઠની કર્મભૂમિ તથા વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પ્રેરક બળ એવા રતિલાલ બોરીસાગર જેવી મહાન હસ્તીઓની સ્મૃતિઓથી ગૌરવંતું છે. સેવા અને સંસ્કારને જીવનમંત્ર બનાવનાર વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતાની સાદગી અને જીવદયા પરંપરાથી આ શહેર માનવતાની ઊંચી મિસાલ રૂપે ઓળખાય છે. આ શહેરમાં ગૌશાળાઓ, માનવમંદિરના ભેખધારી પ.પૂ. ભક્તિરામબાપુ, પ.પૂ. ઉષામૈયા (શિવ દરબાર આશ્રમ, કાનાતળાવ)ની તપોભૂમિ તથા નિર્દોષાનંદ આશ્રમની નિશ્રામાં સંસ્કાર અને સંવેદનાનો સુંદર સંગમ સર્જાયો છે. સ્વામિનારાયણ ગુરૂકુળ જેવી સંસ્થાઓ દ્વારા શિક્ષણ સાથે ચારિત્ર્ય નિર્માણના મૂલ્યોનો પ્રસાર થાય છે. આવા સંસ્કારસભર વાતાવરણમાં વિ વંદનીય પ.પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે ત્રિદિવસીય જ્ઞાનસત્રનું આયોજન થવું સાવરકુંડલા શહેર માટે ઐતિહાસિક ગૌરવની બાબત છે. આ જ્ઞાનસત્ર દરમિયાન ગુજરાત તેમજ ગુજરાત બહાર વસતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન માટે સતત કાર્યરત અગ્રણી લેખકો, કવિઓ, નિબંધકારો તથા મોટી સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે. જ્ઞાનસત્રનું આયોજન તારીખ ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન રામજી અમરશી સેનિટોરિયમના વિશાળ પ્રાંગણમાં કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક આયોજન માટે સાવરકુંડલામાં તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ વિશાળ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીરભાઈ ભટ્ટ, વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા તથા કાણકીયા કોલેજના પ્રિન્સિપાલ ડો. રવિયા વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે. જ્ઞાનસત્ર આયોજનના સંદર્ભે તાજેતરમાં કાણકીયા કોલેજ ખાતે શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીરભાઈ ભટ્ટે કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ જ્ઞાનસત્ર અનેક રીતે વિશિષ્ટ બનવાનું છે. કળા, સાહિત્ય અને સંસ્કૃતિનો પરિચય આપતી ચર્ચાસત્રો, સંગીતની મનોહર રાત્રિ, જુની રંગભૂમિના સુપ્રસિદ્ધ ગીતોની પ્રસ્તુતિ તથા કવિ સંમેલન જેવી વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ આ જ્ઞાનસત્રને યાદગાર બનાવશે. આ જ્ઞાનસત્રમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટી તથા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતાસર્જક રઘુવીર ચૌધરી, હાસ્યકાર સર્જક રતિલાલ બોરીસાગર, વિવિખ્યાત ચિત્રકાર–નિબંધકાર ગુલામ મોહંમદ શેખ સહિત અગ્રણી સર્જકો અને નવોદિત અધ્યાપકો પોતાનો સ્વાધ્યાય રજૂ કરશે. આ જ્ઞાનસત્રને લઈને સમગ્ર ગુજરાતના સાહિત્યરસિકોમાં તેમજ સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ આયોજનની વિશેષતા એ છે કે તબીબી સેવા અને જીવદયાની ઉત્તમ પ્રવૃત્તિ કરતી સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા કળા અને સાહિત્યના સંવર્ધન માટે આ ભવ્ય જ્ઞાનસત્રનું આયોજન કરી રહ્યા છે. આ દરમ્યાન આશરે ૪૦૦ જેટલા સાહિત્યરસિકો ત્રણ દિવસ સાવરકુંડલામાં નિવાસ કરશે, વિદ્યાગુરૂ ફાઉન્ડેશનની આત્મીય મહેમાનગતિનો અનુભવ કરશે અને કળા–સાહિત્યની ઊંડી સમજણ સાથે પરત ફરશે. આયોજક મિત્રો સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સાહિત્યરસિકોને આ ઐતિહાસિક જ્ઞાનસત્રની વિવિધ બેઠકોમાં હાજરી આપવા હૃદયસહ આમંત્રણ પાઠવે છે.

## એસ.ટી.નાં અધિકારીઓની અણઆવડતથી અનેક સમસ્યાઓ

# અમરેલીનાં બસપોર્ટમાં પૂનઃ કેન્ટીન બંધ કરવામાં આવી

**અચાનક જ પ્લેટફોર્મ નંબરનાં રૂટ ફેરવી દેવાતાં મુસાફરોમાં દોડધામ**

**જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ પોર્ટમાં યોગ્ય સુવિધાનો અભાવ**

**એરપોર્ટ જેવી સુવિધા આપવાનાં વચનનું સુરસુરિયુ થતું જોવા મળી રહ્યું છે**

**વિભાગીય નિયામકે અવરનવાર મુસાફરોની સમસ્યા જાણવી જરૂરી છે**




અમરેલી, તા. ૧૫

અમરેલી એસ.ટી. વિભાગમાં કાયમી આંતરિક ખેંચતાણ જોવાં મળે છે જેનો મુસાફર જ કાયમ ભોગ બને છે. એસ.ટી.ની આવક ધરાવતા રૂટ ઉપર કાતર ફેરવી દઈ વગ ધરાવતાં સ્ટાફ માટે નવા રૂટ ઉપર બસ દોડાવી એસ.ટી.ને ખાડામા ઉતારવામાં આવતાં હોય છે. હવે અમરેલીમાં નવા બનેલાં બસપોર્ટમાં આંતરિક રાજકારણના કારણે અચાનક જ બસને ઉભી રાખવા માટે પ્લેટફોર્મમાં ધરમૂળથી ફેરફાર કરી નાખવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## મેલડી માતા તળાવનો નયનરમ્ય નજારો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા મેલડી માતા તળાવ ખાતે સૂર્યાસ્તનો અદભૂત નજરો. કેસરી અને નારંગી રંગોથી છવાયેલા આકાશે તળાવનાં શાંત જળમાં પોતાનું પ્રતિબિંબ રચ્યું હતું. દૂર દેખાતી પવનચકકી (વિન્ડમિલ) આ શાંત અને પ્રકૃતિમય દ્રશ્યની સુંદરતામાં વધારો કરે છે. સ્થાનિકો માટે આ સાંજ શાંતિની પળો લઈને આવી હતી.

**જિલ્લાના ધારાસભ્ય ઉર્જામંત્રી બન્યા છતાં પરેશાનીનો નિકાલ નથી**

## બગસરામાં અવાર–નવાર વીજળી ગુલ થતાં ધંધા રોજગાર સહિત અનેક ક્ષેત્રો પ્રભાવિત થઈ રહ્યા છે

**પીજીવીસીએલના અધિકારીઓ ઉર્જામંત્રીને ગણકારતા ન હોવાની ચર્ચા**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરામાં પીજીવીસીએલ લાઈટ કાપને લઈને દ્વારા છેલ્લા બે

અનુસંધાન પાના ૬ ઉપર






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)